SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

February '07

મૂળી
વસંત પંચમી


પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1





પ.પૂ.મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ એવા "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"નું નિર્માણ કાર્ય ધમધોકાર ચાલી રહ્યું છે.



શિયાળ ગામે પ્રસાદીના ચરણારવિંદમાં ૧૬ ચિન્હના નીરખી નીરખી ને દર્શન કરતા પૂ. મહારાજશ્રી



શિયાળ ગામે પૂ. મહારાજશ્રી પાસે સત્સંગી બાળકો કંઠી ધારણ કરતા



એન્ડોલા (ઝાંબીયા) મંદિરમાં અન્નકૂટ દર્શન

સીડની આપણા મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજના અભિષેક દર્શન






આપણા કોલોનીયા મંદિરમાં 'સેવા' સંસ્થાની મેડીકલ પ્રવૃત્તિ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ ફેબ્રુઆરી - ૨૦૦૭



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂ. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂ. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂ. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો - અમદાવાદ મંદિર	૫
૪.	શ્રી ધર્મવંશી આચાર્યનો મહિમા	૭
૫.	શ્રીજી પોતે જ નરનારાયણદેવ	૯
૬.	વૈવિધ્યસભર વેદો	૧૦
૭.	જય શિક્ષાપત્રી	૧૧
૮.	ટોપીવાલાને સત્સંગનો ગુણ	૧૩
૯.	સત્સંગ સુરભિ : પછી વાલ્યમો આવ્યા વિહાર	૧૬
૧૦.	સત્સંગ બાલવાટિકા	૧૮
	(૧) તીજોરી ખોલવાની ચાવી	
	(૨) એકાગ્રતા વગરની પૂજા કેવી ?	
૧૧.	ભક્તિસુધા	૨૧
	(૧) ચાલો આપણે પણ મુળી જઈએ	
	(૨) પણ તમે ક્યારે પધારો !	
	(૩) અતિ દયાળુ સ્વભાવ છે સ્વામીનો	
	(૪) શ્રીહરિનું લીલા ચરિત્ર	
૧૨.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

अस्मदीयम्

તંત્રીશ્રીની કલમે....

આત્મા અને પરમાત્માનો સંબંધ હમેશાં કંઈકનું કંઈક લેવાનો અને દેવાનો જ જગતમાં જોવા મળે છે. જીવ હમેશાં પ્રાર્થના કરતો હોય ત્યારે એમજ કહે હે પ્રભુ હું તમને દીવો કરીશ કે અગરબત્તી કરી તમારી પૂજા કરીશ, પ્રણામ કરીશ, જપ કરીશ, ઉપવાસ કરીશ, વ્રત કે યજ્ઞ કરીશ આ બધું હું તમારા માટે જ કરું છું. અને તે તેના બદલામાં સુખ, ધન, સંપત્તિ કે પુત્ર કલત્ર રાજ્ય કે મોક્ષની આશા રાખે છે.

ત્યાગ વૈરાગ્યવાન અને વનમાં તપ કરનારા આત્મ સમર્પિત એવા ભક્તો આવું કંઈ ન માગે તો એટલી તો અવશ્ય આશા રાખે કે હે પ્રભુ હું તમારો દાસ છું તો મને તમારા ધામમાં રાખજો. આ બધી જ વાતમાં પરમાત્મા તો દયાળુ છે. છતાં મનુષ્યની બુદ્ધિથી વિચારીએ તો શું ? વિચારતા હશે ? તેમને શું ? આવી રીતે દાસની ખોટ હશે ? કે પછી આવા કેટલાક દાસ ની તેમને જરૂરત હશે ? પરમેશ્વરને વળી ભક્તોનો કે દાસોનો ક્યાં તૂટો છે. અસંખ્ય કરોડો બ્રહ્માંડો જેના રોમરોમની અંદર પતંગની જેમ ઉડતા હોય છે તેવા એ પરમેશ્વરને એક સાધારણ જીવની દાસતા કે તેણે આપેલ કોઈ પણ પ્રકારના ભોગની ક્યાં જરૂરત છે. છતાં ભક્તોની એ અલ્પ બુદ્ધિથી થતી પ્રાર્થના કે ભક્તિ ઉપાસનાને સ્વીકારે છે એજ એમની દયાળુતા કરૂણાનો સાક્ષાત્ પુરાવો છે. માટે એવા દયાળુ શરણાગત વત્સલ પરમેશ્વર પરમાત્મા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ ના સ્વરૂપનો દૃઢ આશ્રય જીવે અવશ્ય કરી લેવો.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી - ૨૦૦૭)

૫. ઈશ્વરપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૬. ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે સંપન્ન થયો.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. હિતેશભાઈ પ્રવિણભાઈ પટેલને ત્યાં પધરામણી કાંકરિયા.
શ્રી સ્વામિનારાયણમંદિર મોટેરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૮. કલોલ શ્રી વિશ્વમંગલ ગુરુકુળ પારાયણ પ્રસંગે પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨૩) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા-કડી ધૂન પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કાણોતર (ધોળકા દેશ) પ્રસાદીના સ્થળે છત્રી-ચરણારવિંદની પૂજન આરતી અને શિયાળ (ધોળકા દેશ) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી

૧૩. પ.ભ. અશોકભાઈ અમૃતલાલ વડગામા ને ત્યાં પધરામણી જજીસ બંગલા-વસ્ત્રાપુર.
શ્રી સ્વામિનારાયણ મંદિર ઈન્દ્રપુરા (માણસા) પધરામણી.

૧૫. પ.ભ. પ્રવિણભાઈ હરમાનભાઈ બારોટને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. ચેતનભાઈ કનુભાઈ પટેલને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

૧૬. પ.ભ. નારણભાઈ મોતીભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. નાગજીભાઈ પ્રેમજીભાઈ પટેલને ત્યાં પધરામણી (લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા), બાપુનગર.
પ.ભ. નરસિંહભાઈ છગનભાઈ ગોહિલને ત્યાં પધરામણી, નિકોલ.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા (માણસા) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. ડાંગરવા (તળપદ-પાટીદાર) ડાંગરવાથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના દર્શનાર્થે આયોજીત પદયાત્રીઓને દર્શન-આશીર્વાદ આપવા પધાર્યા.

૧૯. વસઈ (ડાભલા) શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨. કલોલ ગામે પ.ભ. દિલીપભાઈ નટુભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.
પ.ભ. જગદીશભાઈ જટાશંકરભાઈ શાહ (સેમીટ્રોનિકવાળા)ના પુત્રના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, વાસણા.

૨૩. મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિર વસંત પચંમીના શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક અને રંગોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયા.

૨૪. ગવાડા (વિજાપુર) શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. હિરેન બળદેવભાઈ હરગોવિંદભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.

૨૫. શ્રી દેવર્ષી ભરતભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સોલાગામ.
શ્રી પ્રજ્ઞેશ બાબુભાઈ પટેલ લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મેમનગર.
શ્રી સ્વામિનારાયણ મંદિર વડથલ (તા. મહુધા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. કનુભાઈ બાબુલાલ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, એસ.જી. હાઈવે.
શ્રી સ્વામિનારાયણમંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી રાજેનભાઈ જયંતીભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, રાજપથ ક્લબ.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા-અમદાવાદ (નૂતન શિખરબધ્ધ મંદિર) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) પ.ભ. બાપુભાઈ ઈશ્વરભાઈ પટેલ તરફથી આયોજીત પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર (શિખરબધ્ધ) વાસણા-અમદાવાદ મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે વેદવિધિસર ધામધુમથી સંપન્ન થઈ.

જાણવા જોગ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તેવી પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે સાવધાન રહેવું.

શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ ની આજ્ઞા પ્રમાણે દરેક આશ્રિત ગૃહસ્થ ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે આવકમાંથી દશમો ભાગ (૧૦%) અથવા વીસમો ભાગ (૫%) ભગવાનને અર્પણ કરવો. અર્થાત્ પોતાના ધંધામાં ભગવાનને પાર્ટનર માનીને તેમનો ભાગ રાખવાથી ભગવાનનું નસીબ ધંધામાં કમાણી કરી આપે છે. ધર્માદો વર્ષમાં બે વખત ચોખે ચોખો ભગવાન શ્રીહરિએ સ્થાપેલા મહામંદિરોમાં અર્પણ કરી દેવો. ઉત્તરાયણ અને નૂતન વર્ષના દિવસોમાં નિષ્ઠાવાળા ભક્તો અવશ્ય ધર્માદો અર્પણ કરે છે. તેમાં સૌ ભક્તોએ પોતાનું નામ અવશ્ય લખાવી દેવું.

આજ્ઞાથી

લી. મહંત સ્વામી

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો

અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ (હીરાવાડી-બાપુનગર)



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી 'શ્રી સ્વામિનારાયણ' માસિકમાં ક્રમશઃ ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના સ્થળો વિષયક આલેખન કરવા નમ્ર પ્રયાસ કરું છું. સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર ૪૯ વર્ષ ૨ માસ અને ૧ દિવસ દેહ રાખ્યો. આટલા સમયમાં શ્રીહરિએ ભારત ભરમાં એટલું વિચરણ કર્યું છે કે તેનું યથાર્થ આલેખન કરવું તે પણ ખૂબ કઠિન કાર્ય છે. સાગરના પાણીમાંથી એક અંજલી ભરીને આચમન કરીએ તો પણ સાગર પીધો ગણાય એ ન્યાયે શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળોનું આચમન માત્ર આલેખન કરું છું.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ નારાયણના જે ભૂમિ પર ચરણારવિંદ પડ્યા હોય, જે સ્થળને શ્રીહરિનો સ્પર્શ થયો હોય તે ભૂમિના ભાગ્યનું કોઈ વર્ણન કરી શકે ? એ તો એક બહુ મોટો ચમત્કાર કહેવાય !!! કારણ કે 'જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટિ ફરે, માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ.

આ તો આપણને સૌને વગર પરિશ્રમે મોઢું ખોલતા સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો છે. એટલે તેનો યથાર્થ મહિમા નથી. બાકી પ્રસાદી ના સ્થળોની રજને તો શિવજી, બ્રહ્મા જેવા મોટા મોટા દેવો પણ પોતાના મસ્તકે ચડાવે છે. ગ.પ્ર. ૩ વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે ભગવાન જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી..... તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.

નિષ્કુળાનંદ કાવ્ય મધ્યે પુરુષોત્તમ પ્રકાશમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે સ્વયં શ્રીહરિ પ્રસાદીની ભૂમિનો મહિમા વર્ણવતા કહે છે.

પવિત્ર છે સ્પર્શે કરી, આ પૃથ્વી સાક્ષાત્.
જીયાં જીયાં અમે વિચર્યા,
વળી રહ્યા જે જે ગામ.
તે જરૂર જન જાણજો,
સરવે થયાં છે સ્વધામ.
તિયાં પ્રાણી કોઈ તન તજે,
જાણ્યા વિના એહ જાગ્ય.
કહ્યાં ન જાય વળી કોઈથી,
એવા ઉઘડિયાં એના ભાગ્ય.
ચરણે અંકિત જે અવનિ,
વળી પદની સ્પર્શેલ રજ.
જે જોતાં ન જડે જાણજો,
જેને ઈચ્છે છે ઈશ્વર અજ.
પદ રજના સ્પર્શ પ્રતાપે રે,
જન અભય થાય છે આપે રે.
ભવ ભય, હરણી એ રજ રે,
થાય નિર્ભય એમાં શું આશ્ચર્ય જ રે.
જન ભુવનમાં જ્યાં જ્યાં ગયા રે,
તિયા દિન રજની જે રહ્યા રે.
એહ ભૂમિકાનાં ભાગ્ય ભારી રે,
થઈ ધામરૂપ સુખકારી રે.
એહ પૃથ્વી પર તજે પ્રાણ રે,
તે તો પામે પદ નિરવાણ રે.
વળી નદી નદને તળાવ રે,
સિંધુ કુંડ કુવા વળી વાવે રે.
તિયાં જીયાં જીયાં અમે નાયા રે,

સ્પરશું પાણી જે અમારી કાયા રે.
તેહ સ્પર્શનું જેહ પાણી રે,
જન ઉધ્ધારણ લિયો જાણી રે.
તેહ તટે તજે કોઈ તન રે,
પામે અમૃત ધામે સદન રે.
એમ કલ્યાણના જે ઉપાય રે,
બહુ કર્યા છે આ જગમાંય રે.
બાગ બગીચાને ફુલવાડી રે,
વૃક્ષ વેલી વન વળી ઝાડી રે.
એહ આદિ જાયગા અપાર રે,
જીયાં રહ્યા અમે કરી પ્યાર રે.
એ તો સ્થાનક છે તીર્થરૂપ રે,
અતિ પવિત્ર જાણો અનૂપ રે.
એહ સ્થાને મુકે કોઈ દેહ રે,
પામે અક્ષરધામને તેહ રે.
એમ અનેક પ્રકારે આજ રે,
કર્યા ઉપાય કલ્યાણ કાજ રે.
સર્વે તીર્થના તીર્થ કહીએ રે,
જીયાં સંત અમે નાયા છીએ રે.
તિયાં જન કોઈ જઈ નાશે રે,
થઈ પાવન ધામમાં જાશે રે.
એહ જળમાં જંતુ જે રે છે રે,
ધન્ય ભાગ્ય સંત તેના કે છે રે.
એહ પર અંડજ ઉડિ જાશે રે,
તેહ પરમ પાવન થાશે રે.
અવધિ આવ્યા સમે તન ત્યાગી રે,
જાશે સ્વધામમાંઈ સુભાગી રે.
સર્વે ધામના ધામ એ થિયા રે,
રહ્યા સંત સહિત અમે જીયા રે.
બીજા તીર્થ ધામ બહુ કાવે રે,
પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે.
કાં જે પામ્યા અમારો પ્રસંગ રે,
તેને તુલ્ય આવે કેમ ગંગ રે.
એને સ્પર્યા તા વામન પાવે રે,
વાત તેની તો જાણજો ન્યારી રે.
જાણો પુરુષોત્તમનો સ્પરશ રે,
તે તો સહુ થકી છે જો સરસ રે.
સર્વે ધામનો જે કોઈ ધામી રે,
તે તો અમે નારાયણ સ્વામી રે.
વાત આજની છે અતિ મોટી રે,
જેથી જીવ તર્યા કોટિ કોટિ રે.
ચરાચર સ્થાવર ને જંગમ રે,
તે સહુને થયું છે સુગમ રે.
સહુ ચાલ્યા જાય છે સ્વધામ રે,
નથી પડતું કોઈનું કામ રે.
એમ વે'તિ કરી છે અમે વાટ રે,
બ્રહ્મ' મોલમાં જાવાને માટ રે.
શ્રીમુખે કહે એમ શ્રીહરિ રે,
સહુ વાત માનજો એ ખરિ રે.

અહીં શ્રીહરિ સ્વમુખે કહે છે કે અમે સ્વામિનારાયણ સર્વ અવતારના અવતારી છીએ અને સર્વ ધામના ધામી છીએ તેથી અમારા પ્રસાદીના સ્થળોની વાત જ ન્યારી છે. અમારા ચરણની સ્પર્શેલ રજને બ્રહ્માદિક દેવો ઈચ્છે છે. અમારા પ્રસાદીના સ્થાનકે આયુષ્ય પૂર્ણ થતા કોઈ મનુષ્ય દેહ છોડે તો તે અક્ષરધામને પામે છે. ભક્તજનો ! આપણે વિચારવું રહ્યું કે પ્રસાદીના સ્થાનનો આનાથી વધારે મહિમા શું હોઈ શકે !!!

દેશ વિદેશમાં પથરાયેલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌથી શ્રેષ્ઠ અને પુરાણું મંદિર રાજનગર અમદાવાદના મધ્યમાં કાળુપુર વિસ્તારમાં આવેલું છે. વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું શ્રીહરિ સ્થાપિત આ સૌ પ્રથમ મંદિર છે. ગુજરાતનું રાજનગર અમદાવાદ હવે વિશ્વભરમાં પ્રસિદ્ધ બની ચૂક્યું છે. દર વર્ષે હજારો પર્યટકો અમદાવાદની મુલાકાતે આવે છે અને અહીંના ધાર્મિક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લે છે. અમદાવાદનાં ધાર્મિક પુરાતત્વ-શિલ્પ સ્થાપત્યોમાં શ્રી સ્વામિનારાયણ મંદિર અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. દેશ-વિદેશના અનેક મુલાકાતીઓ દરરોજ મંદિરમાં આવે છે અને મંદિરની કાષ્ટકલા કારીગરી જોઈને ધન્યતા અનુભવે છે. વિશાળ મંદિર, કલામય હવેલીની કાષ્ટ ઈમારત, ભવ્ય સભામંડપ વગેર સ્થાપત્યો એવી યોજનાથી ખડા કરવામાં આવ્યા છે. જે જોનારને એક સાથે આકર્ષણ કરે છે. શહેરમાં આ મંદિરનું ઘણું માન છે. બેસતા વર્ષના દિવસે અહીં મોટો અન્નકૂટ ભરાય છે. અને તે જ દિવસે સૌ પ્રથમ અહીં દર્શને આવવાનો અહીંના ઘણા નાગરિકોનો રિવાજ છે. અસંખ્ય હરિભક્તો મંદિરમાં બિરાજમાન નરનારાયણ આદિક દેવોનું દરરોજ નિયમપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવે છે. ઉત્સવના દિવસોએ, ધાર્મિક પર્વના દિવસોએ તથા એકાદશી, પૂનમ આદિક પર્વના દિવસોએ દર્શનાર્થીઓની અતિશય ભીડ રહે છે. આ મંદિર માટે કવિ સમ્રાટ ન્હાનાલાલના શબ્દો અત્રે યાદ કરવા જેવા છે. આ રહ્યા તે શબ્દો,

"અમારા પિતૃગૃહની ન્હાની સરખી
અગાશીમાંથી ધ્રુવ દિશામાં નિરખતાં
પાળ બાંધ્યું એક ચોખંડ અંતરિક્ષનું
સરોવર જાણે દેખાય છે. એની ત્રણે
પાળો બાંધેલી છે.
સ્વામિનારાયણના મંદિરની
હવેલીઓથી ને વચ્ચે છે
અવકાશના પાણી ભરેલું જાણે ઘેર
ગંભીર સરોવર,
એ ગગન ગોમતીની મધ્યે છે
બ્રહ્મપદ્મ સમાં મંદિરના ત્રણ શિખરો,
ને શિખર ઉપર છે સૂર્ય પ્રભામાં

(અનુ. પેઈજ નં. ૧૨)

શ્રી ધર્મવંશી આચાર્યનો મહિમા

સંકલન : પરાગ દવે
(શિકાગો)

શ્રી ભક્તચિંતામણી

પ્રકરણ ૧૬૦ : શ્રીજી મહારાજનો અંતિમ ઉપદેશઃ

વળી ધર્મવંશી દ્વિજ ધીર રે, અવધપ્રસાદને રઘુવીર રે. ॥૪૭॥

એહ દત્તપુત્ર છે અમારા રે, તેને કર્યા ગુરુ તમારા રે,
તેને માનજ્યો તમે સુજાણ રે, રહેજ્યો શિક્ષાપત્રી પ્રમાણ રે. ॥૪૮॥

દેશ વિભાગનો લેખ

શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યુપણે જાણ્યામાં આવે તો પણ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન કર્મ વચને આજ્ઞામાં• રહેજ્યો. ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પામશે.

• આચાર્યની આજ્ઞામાં

પ.પૂ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

પ્રકરણ-૩

આચાર્યજી મહારાજને આજ પોતાના[૧] દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદીઉપર બેસાર્યા છે, તેમા[૨] પોતાના અવતાર[૩] જેટલું દૈવત પોતે[૪] મુક્યું છે માટે આચાર્ય મહારાજને પુરુષોત્તમ ભગવાનના અવતાર જેવા જાણવા.

આચાર્યજીમહારાજને અર્થે જે સેવા કરે તે પોતે[૪] અંગીકાર કરે છે. તેમજ તેમને[૫] અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે 'આચાર્ય મહારાજને ક્યાં ખોટ છે માટે નામનું હોય તે સંતને અર્થે ખર્ચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.' એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય તે આચાર્ય મહારાજની સેવા કરતો હોય તેને અવગુણ[૬] ઘાલીને તેમની[૭] સેવામાંથી પાછા પાડીને પોતાની[૮] સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે. માટે આ કહ્યું એમ સમજે તો જ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાતને હીરાની પેઠે નિત્ય નવી ને નવી રાખજો પણ ભૂલશોમાં. કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. (વાત નં. ૮)

૧. શ્રીજી મહારાજે પોતાના ૨. ધર્મવંશી આચાર્યોમાં ૩. શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરે ભગવાનના અવતારો જેટલું ૪. શ્રીજી મહારાજે પોતે ૫. ધર્મવંશી આચાર્યોને ૬. ધર્મવંશી આચાર્યોનો અવગુણ ૭. ધર્મવંશી આચાર્યોની સેવામાંથી ૮. આવો ઉપદેશ આપનાર સંત કે હરિભક્ત.

શ્રીહરિચરિત્ર

(પરિચ્છેદ ૪ અધ્યાય ૧૧)

તમારે મારા આશ્રિતોએ ધર્મવંશી આ મારા બન્ને પુત્રોને ધર્મદેવની જેમ માનવા અને પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ઘરેણાં, ધન આદિ આપીને તેમની સેવા કરવી. (૩૨) હે ભક્તો ! આ બન્ને આચાર્યો અને તેમને સ્થાને રહેલા તેમના વંશજોનો જે ભક્ત આશ્રય કરશે, તેને અંત સમયે હું આવીને મારા ધામમાં તેડી જઈશ. (૩૩) (આ બધું) મેં મારા બાહુબળથી સંપાદન[૧] કરેલું છે. (૪૨) મારી જેને[૨] આપવાની ઈચ્છા હતી તેને મેં સ્વતંત્ર રીતે મારું આ બંધુ[૧] આપ્યું છે. (૪૪)

૧. મંદિરો આદિ સત્સંગની તમામ સંપત્તિ ૨. ધર્મવંશી આચાર્યોને

શ્રી હરિલીલા કલ્પતરુઃ

સ્કંધ ૧૦

માટે તમે મારા સર્વે આશ્રિતોએ હંમેશા તેમને• મારી માફક માનવા. જે જનો આ બંનેનો આશ્રય કરીને ધર્મમાં રહી, મને ભજશે તે જનો આભિષ્ટ મુક્તિ જરૂર પામશે. મારા આશ્રિત ત્યાગીઓ તથા સમગ્ર ગૃહસ્થો જેમ મારી આજ્ઞામાં વર્તો છો તે જ પ્રમાણે હંમેશા આ બંનેની આજ્ઞામાં આદરપૂર્વક વર્તવું. (અ. ૪)

• શ્રી ધર્મવંશી આચાર્યને

હે જનો ! આ બંને આચાર્યો જે જે મૂર્તિઓનું સ્થાપન કરશે તે તે મૂર્તિઓમાં હું જરૂર રહીશ. આ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરને મેં તમારા ગુરુ કર્યા છે માટે તમારે તેમને આદરપૂર્વક માનવા તેમજ એ બંને આચાર્યોમાં તમારે મનુષ્યભાવ લાવવો નહિ એ મારી આજ્ઞા છે. (અ. ૬)

શ્રી હરિલીલામૃતમ્:

કળશ ૮ : વિશ્રામ ૪૬

ચોપાઈ:

એને• પ્રેમથી પૂજશો તમે, પૂજા માની લેશું તે તો અમે,
સંત હરિજનના સમુદાય, એની આજ્ઞામાં રહેજો સદાય. ॥૬૧॥

• શ્રી ધર્મવંશી આચાર્યને

વિશ્રામ ૪૭: સત્સંગીઓને શ્રીહરિજીનો ઉપદેશ:

શિખરિણી

કહે શ્રીજી સ્વામી મુનિજન અકામી સહુ સુણો,
સુપુત્રો બે મારા તન મન તમારા ગુરુ ગણો,
સદા એની આજ્ઞા સુણીસુણી સુખેથી અનુસરો,
કદી તેની સાથે વચનથી વિવાદ નવ કરો ॥૫॥

ઉપજાતી:

સત્સંગી સર્વે સુણજો અમારા, આચાર્ય આ એજ ગુરુ તમારા॥૫૮॥
કુટુંબ માંહી જન જેહ હોય, તે બાળ કે વૃદ્ધ જુવાન કોય,
પ્રત્યેક નામે ગણી આઠ આના•, દેજો ગુરુને પ્રતી વર્ષ દાના॥૬૦॥

• ઈ.સ. ૨૦૦૭માં, અત્યારે ૮ આનાની જગ્યાએ વ્યક્તિદીઠ પાંચ રૂપિયા થઈ ગયાછે. અને જો એકઝેટ સરખામણી કરીએ તો, શ્રીજી મહારાજના વખતમાં જે ધોતિયું ૮ આનાનું આવતું હતું તે અત્યારે બસ્સો રૂપિયાનું આવે છે, તથા ઈ.સ. ૧૮૦૦ માં ૮ આનાનું પાંચ કીલો ઘી આવતું હતું તે પાંચ કીલો ઘી અત્યારે ઈ.સ. ૨૦૦૭માં ૮૦૦-૦૦ રૂપિયાનું આવે છે.

પુરુષોત્તમ પ્રકાશ:

પ્રકાર ૩૭ (શ્રીહરિજીના મુખે)

ચોપાઈ

વળી પધરાવશે પોતાને ઘેર રે, કરશે સેવા વળી સારે પેર રે,
વળી કરશે સનમાન એનું રે, મારે કરવું છે કલ્યાણ તેનું રે. ॥૧૪॥
એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે,
માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંઈ રે. ॥૧૫॥

પ્રકાર ૩૮ : (શ્રીહરિજીના મુખે) :

દોહા

ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર,
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥૪॥

પ્રકાર ૩૯ : (શ્રીહરિજીના મુખે) :

ચોપાઈ

જેવું અમારું કુળ માનશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે,
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥૮॥

પ્રકાર ૪૦ : (શ્રીહરિજીના મુખે) :

ચોપાઈ

એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજો રે,
હાથ જોડીને રે'જો હજુર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે ॥૬॥
એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે,
એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે ॥૧૧॥
કાંજે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવિણ હોય તે પ્રીછે રે,
બીજા જન એ મર્મ ન લહે રે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥૧૨॥
અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે,
એથી અમે અળગા ન રે'યે રે, એમાં રહિને દર્શન દૈયે રે ॥૧૪॥
ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે,
માટે એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે
॥૧૭,૧૮॥

શ્રીમદ્ સત્સંગીભૂષણ

અંશ ૫ : અધ્યાય ૧૯ (શ્રીહરિજીનામુખે)

અને આ બંને આચાર્યના વંશજોનો આશ્રય જે જેન કરશે તેને હું મારા અક્ષરધામમાં જરૂર લઈ જઈશ. (૧૫) તેથી સંત, વર્ણી, પાર્ષદો અને બીજા સર્વ ભક્તજનોએ તે બંને આચાર્યોની આજ્ઞા મારી આજ્ઞાની માફક જ સર્વ પ્રકારે પ્રયત્નપૂર્વક પાલન કરવી. જો જે કોઈ મારો આશ્રિતજન તે આચાર્યની આજ્ઞાને ઉલ્લંઘન કરશે તો તે જન જરૂર અધોગતિને પામશે. (૩૮) તેથી મારી પૂજાથી જેમ કલ્યાણ થાય તેમ જ તે બંને આચાર્યોના પણ પૂજનથી જરૂર કલ્યાણ થાય તેમાં જરા પણ સંદેહ નથી. (૪૦)

શ્રીમદ્ સત્સંગીજીવનમ્:

પ્રકરણ ૪ : અધ્યાય ૪૦

(પોતાના સમગ્ર આશ્રિતજનો પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા) તમારે આ આચાર્યપદમાં સ્થાપન કરેલા ધર્મવંશી બંનેમારા પુત્રોને ધર્મદેવની પેઠે માનવા અને યથા શક્તિ અન્ન વસ્ત્ર વિભૂષણ વિત્ત વિગેરે વડે સારી રીતે સેવવા. (૩૮) જે જનો આ આચાર્યો અને તેમના વંશમાં થનારા આચાર્યોનો આશ્રય કરશે તેમને દેહાવસાન સમયે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ગોલોક ધામ પ્રતિ તેડી જશે. (૩૯)

શિક્ષાપત્રી:

અમારા આશ્રિત સર્વ સત્સંગીઓએ પોતાના આચાર્ય સંગાથે ક્યારેય વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા. (૭૧)

શ્રીજી પોતે જ નરનારાયણદેવ

- પટેલ ગાંડાભાઇ (કોલ્હાપૂર)

બદરિકાશ્રમને વિષે શ્રી નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા મરિચ્યાદિક ઋષિ-મુનિઓ, ઉદ્ધવજી અને ધર્મ-મૂર્તિ વગેરે આવેલ. તે સર્વે દર્શન કરી સભામાં બેસીને એકાગ્ર ચિત્તે શ્રી નારાયણ મુનિને સાંભળતા હતા. તેવા સમયે દુર્વાષા ઋષિ આવ્યા તો તેમનું સન્માન કોઈથી ના થયું તેથી તે ક્રોધે ભરાયા અને સર્વે સભાજનોને શાપ આપ્યો કે તમો સર્વે મનુષ્યપણાને ભરતખંડને વિષે પામોને અસુરો થકી અપમાનને કષ્ટ પામો.

સર્વેએ વિનયયુક્ત દુર્વાષાઋષિને શાંત પાડ્યા અને કહ્યું કે અમો શ્રી નારાયણઋષિને સાંભળવામાં એકાગ્રચિત્તે હતા. તેથી તમારા આગમનનું કોઈને ભાન ના રહ્યું તો ક્ષમા કરો. તો ઋષિએ અનુગ્રહ કર્યો કે ધર્મદેવ અને મૂર્તિ મનુષ્ય દેહ ધરશે તેમને ત્યાં આ નરનારાયણ ઋષિ તેમના પુત્ર રૂપે અવતરી તમો સર્વેને મારા શાપ થકી મુક્ત કરશે ને તમારી સર્વેની રક્ષા કરશે.

તેજ કારણસર કોશલદેશના છપૈયા ગામે દેવશર્મા (ધર્મદેવ) અને ભક્તિમાતા થકી શ્રી નરનારાયણદેવે અવતાર ધર્યોને શ્રીહરિકૃષ્ણ તેજ આપણા શ્રી સહજાનંદ સ્વામી-શ્રીજી મહારાજ !

આ વાતનું પ્રમાણ વચનામૃત જેતલપુર-૫ માં કહે છે કે "..... કેમ જે અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ ઋષિ તે છીએ. અને મહાપાપ વાળો જીવ હશે ને તે અમારે આશરે આવશે, ધર્મ નિયમમાં રહેશે. તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ.... હવે તે અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ તે જે તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિ નામે દેવી જેને ભક્તિ કહીએ તેને વિષે શ્રી નરનારાયણ ઋષિ રૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપને કરતા હવા. તે શ્રી નરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે પાખંડીમત તેનું ખંડન કરવા અને અધર્મના વંશનો નાશ કરવા અને ધર્મના વંશને પુષ્ટ કરવાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારૂં શ્રી ધર્મદેવ થકી ભક્તિને વિષે નારાયણમુનિ રૂપે પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજે છે."

એમ કહીને પોતાને વિષે અતિ મગ્ન થઈને થોડીવારે વળી બોલ્યા જે "..... **અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે જે આ સભામાં નિત્ય બિરાજે છે, તે સારૂં મુખ્યપણું લાવીએ છીએ અને તે સારૂં અમે અમારૂ રૂપ જાણીને લાખ્ખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે.**"

વળી વધુમાં વચનામૃત અમદાવાદ-૬માં કહે છે કે ".....તે જ શ્રીકૃષ્ણ ભગવાન પોતે શ્રી નરનારાયણરૂપે કરીને ધર્મ થકી ભક્તિ વિષે પ્રગટ થયા છે. તે માટે આ શ્રીનરનારાયણને અમે અમારૂ રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણને વિષે અને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે."

વળી વચનામૃત જેતલપુર-૪ માં સ્પષ્ટતા કરતાં શ્રીજી મહારાજ કહે છે કે "....કેમ કે જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ ઋષિનો તમારે દઢ આશરો છે. અને તે શ્રી નરનારાયણ ઋષિ તમારી સભામાં નિરંતર વિરોજ છે... શ્રી પુરૂષોત્તમ નારાયણ તે જે તે આજ તમને સર્વેને શ્રી નરનારાયણ ઋષિ રૂપ થઈને પ્રગટ મળ્યા છે, માટે નિઃસંશય થઈને આનંદમાં ભજન કરજો."

વચનામૃત ગઢડા પ્ર.પ્ર.૧૮માં પોતે સત્સંગને ખાત્રી આપતાં જણાવે છે કે ..... "અમે વાત કરી તે પ્રમાણે રહેશો તો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો.... કાંજે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ બિરાજે છે. અને હું તો અનાદિમુક્ત છું. પણ કોઈના ઉપદેશે કરીને મુક્ત નથી થયો."

આમ કેટલાંક વચનામૃતોમાં શ્રીજી મહારાજે પોતાના પ્રગટપણાનો નિશ્ચય કરાવ્યો અને પોતે જ શ્રી નરનારાયણ પ્રગટપણે છે તેમાં સર્વે સત્સંગી જરાય નિઃસંશય લાવશોમાં. અમોને પ્રગટ પુરૂષોત્તમ સમજીને જ ભજશો તો અંતકાળે તમોને જરૂર લેવા આવીશું તે અમારૂં બિરૂદ જે છે તે સત્ય કરીશું.

●

વૈવિધ્યસભર વેદો

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

વેદોમાં શું છે ? એ પ્રશ્ન વાચકવૃંદને મૂંઝવે છે. વેદો અપૌરુષેય છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્ववેદ - આ ચાર મંત્ર સંહિતાઓ ઈશ્વરપ્રદત્તજ્ઞાન છે. આ વેદો જ સમગ્ર વિશ્વનું સૌથી પુરાતન શિષ્ટ સાહિત્ય છે.

પ્રસ્તુત ચારેય વેદો સર્વ વિદ્યામય છે. તેમાં કેવળ વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રિય અભ્યુદય સંબંધિત વ્યાવહારિક વાતોનું જ નિરૂપણ નથી, પરંતુ આ વેદોમાં આધ્યાત્મિક અને પારલૌકિક જ્ઞાનવિદ્યાનું પણ સૂત્રરૂપે સમગ્રતાથી સુપેરે નિરૂપણ કરવામાં આવ્યું છે. સાથોસાથ તેમાં સમસ્ત વિદ્યાશાખાઓ બીજરૂપે પણ વર્ણિત છે. દા.ત. ગણિત, વિજ્ઞાન, ખગોળ, ભૌતિકવિજ્ઞાન, રસાયણ-વિજ્ઞાન, વનસ્પતિ શાસ્ત્ર, સૃષ્ટિ વિજ્ઞાન, સંગીત, કૃષિ, ઉદ્યોગ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિ, આયુર્વેદ, દર્શન, યોગ, કર્મફળ, મોક્ષ, મનોવિજ્ઞાન, ઉડ્ડયનશાસ્ત્ર, પર્યાવરણવિજ્ઞાન, ધાતુ વિજ્ઞાન, પ્રકાશ વિજ્ઞાન, ભાષાવિજ્ઞાન વગેરે બધું જ આ વેદોમાં સમાવિષ્ટ છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે, આજે વેદોનું પઠન પાઠન લુપ્ત પ્રાય થઈ ગયું છે.

જે સર્વશક્તિમાન પરમ કૃપાળુ પરમેશ્વર છે, તેનાથી જ આ ચારેય વેદ ઉત્પન્ન થયા છે, નહિ કે કોઈ મનુષ્યથી એટલા માટે સર્વ મનુષ્યોને ઉચિત છે કે તેઓ વેદોને ગ્રહણ કરે અને વેદોક્ત રીતિથી જ ચાલે. વચન સિદ્ધિને વરેલા તપસ્વી વ્યક્તિના, મુખમાંથી જે વાણી પ્રગટ થાય છે, એ 'મંત્ર' બની જાય છે. વાણી, વિચાર, વર્તન અને વલણ આ ચાર વ્યક્તિત્વનાં મહત્વનાં પાસાં છે. એ સતત પરિવર્તનશીલ હોય છે, પણ જે એ ચારેયની એકતા સાધે તે પ્રખર જ્ઞાની મહાત્મા પુરુષ બને છે. વિચારોના યુદ્ધમાં આ વેદો એક અમોઘ શસ્ત્ર સમાન છે.

આ વેદો અજવાળામાંય પ્રકાશ પાથરે છે ! જીવનમાં પૈસા કરતાં પ્રેમનું મહત્વ વિશેષ હોય છે. અને પ્રેમ કરતાં જ્ઞાનનું ! એ જ્ઞાનનો સંચય આ ચારેય વેદોમાં છે. વચનામૃત ગ.પ્ર. ૨૪માં ઉલ્લેખ છે કે, "જ્ઞાને કરીને સ્થિતિ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન પ્રકૃતિ પુરુષથી પર છે. અને જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી. એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે."

વેદો એ સર્વશક્તિમાન પરમેશ્વરના વિચારોનું વસિયતનામું છે. દયાના સાગરના દિલનો દસ્તાવેજ છે ! સામાન્ય માણસોનાં મૂલ્યો સાહિત્ય સંસર્ગમાં વધી જાય છે. રામાયણ, ભાગવત, ગીતા, શિક્ષાપત્રી, વચનામૃત વગેરે આધ્યાત્મિક પુસ્તકોના શ્રવણ પઠન દ્વારા આપણે વેદ-ઉપનિષદના સંસ્કૃતિકાળમાં જઈ શકીએ છીએ. ઋગ્વેદાદિ જે ચારે વેદ છે તે અનેકવિધ વિદ્યાઓથી યુક્ત છે. વેદોમાં અવયવરૂપ વિષય તો અનેક છે, પરંતુ તેમાંથી ચાર મુખ્ય છે : (૧) વિજ્ઞાન અર્થાત્ સર્વ પદાર્થોને યથાર્થ જાણવા, વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. (૨) કર્મ (૩) ઉપાસના અને (૪) જ્ઞાન.

પરમપદ અર્થાત્ જેનું નામ 'મોક્ષ' છે, જેમાં પરબ્રહ્મને પ્રાપ્ત થઈ સદા સુખમાં જ રહેવું, જે સર્વ આનંદોથી યુક્ત સર્વ દુઃખોથી રહિત અને સર્વ અવતારના અવતારી અને કારણના કારણ છે, તેમજ સર્વશક્તિમાન પરબ્રહ્મ પરમાત્મા છે. જેમનાં નામ અનેક છે, તેમાં જ સર્વ વેદોનું મુખ્ય તાત્પર્ય અને તારતમ્ય છે.

વેદોમાં બે વિદ્યા છે : (૧) અપરા (૨) પરા. એમાંથી અપરા એ છે કે જેનાથી પૃથ્વી અને તૃણથી લઈ પ્રકૃતિ પર્યંત પદાર્થોનાં ગુણોના જ્ઞાનથી ઠીક ઠીક કાર્ય સિદ્ધ થાય છે, અને બીજી પરા કે જેનાથી સર્વ શક્તિમાન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આ પરાવિદ્યા અપરા વિદ્યાથી અત્યુત્તમ છે, કેમ કે અપરાનું જ ઉત્તમ ફળ પરા વિદ્યા છે. માટે વિત્ત અને વિદ્યાનો સંયમ કરો, સાથે વિવેક વડે વિતરણ પણ કરતા રહો.

વિદ્યા પવિત્ર વસ્તુ છે, તેથી વિદ્યાધામો મંદિર સમાન છે. વિદ્યાર્થી જીવન એ જ્ઞાન વિદ્યાની ઉપાસનાનો પવિત્ર કાળ છે. પરંતુ વિદ્યાર્થીને સુખ ક્યાંથી ? સુખાર્થીને વિદ્યા ક્યાંથી ? વિનય અને ભક્તિના રસસિંચનથી જ્ઞાનના મૂળ હૃદયમાં ઊંડા ઉતરે છે, અને જ્ઞાન તાજું રહે છે. પ્રમાદ અને અભિમાનથી જ્ઞાન સુકાઈ જાય છે. વિજ્ઞાન (વિશેષ જ્ઞાન) માનવ આત્માની અત્યંત મહાન સૃષ્ટિ છે. ભિન્ન વિદ્યા જણાવવાને માટે વેદોના ચાર ભાગ કર્યા છે. વેદોનું પઠન પાઠન અનિવાર્ય છે.

॥ જય શિક્ષાપત્રી ॥

- અતુલ પોથીવાલા

મહા સુદી પાંચમ-વસંત પંચમીનો દિવસ, સંપ્રદાય માટે અતિ મહત્વનો અને સીમાચિન્હરૂપ દિવસ ગણાય છે.

સંવત અઢારસો બ્યાંશીના મહાસુદી પંચમીને દિવસે શ્રીહરિએ સ્વંય "શિક્ષાપત્રી" રૂપી બંધારણની રચના કરી અને આશ્રિતજનોને શિક્ષાપત્રી અર્પણ કરી. તો ૧૮૭૯ ના મહા સુદી પંચમીને દિવસે મૂળી શહેરમાં શ્રીહરિએ સ્વહસ્તે શ્રીરાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા કરી અને સુંદર કલામય શિખરબધ્ધ મંદિર, સંપ્રદાયને સુપ્રત કર્યું.

કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતજનો ને જ નહિ, પરંતુ જગતના જીવ માત્ર માટે પરમકલ્યાણકારી એવી શિક્ષાપત્રી - છે તો માત્ર ૨૧૨ શ્લોકો ધરાવતી એક ટચૂકડી પત્રી જ - પરંતુ સર્વે શાસ્ત્રોના સારરૂપ અને સુદર્શનચક્ર સરીખી આપણી આ શિક્ષાપત્રીનો દૃઢ આશરો જીવનભર કરીએ તો જીવનમાં ક્યારેય, ક્યાંય નિરાશા આવે નહિ એવી અતૂટ અને 'અતુલ્ય' શક્તિ એમાં રહેલી છે.

મનુષ્ય, તન ધારણ કર્યું છે તો પ્રવૃત્તિશીલ તો રહેવું જ પડશે. 'પ્રવત્તિ' તો જીવ પ્રાણીમાત્રની સહજ પ્રક્રિયા છે.

હવે એવી કઈ કઈ પ્રવૃત્તિઓમાં રહીને જીવન વ્યતીત કરીએ કે જેથી ત્યાગી હોઈએ કે ગૃહી-સર્વેના નીજ ધર્મ પણ સચવાય અને સ્હેજે સ્હેજે ભગવાનની પ્રાપ્તિ પણ સુલભ બને ?

શ્રીહરિએ એ માટે જ શિક્ષાપત્રી રચી છે. એમાં બધાય ને માટે નીતિ નિયમો બતાવ્યા છે. જગતનો કોઈ જીવ એમાંથી બાકાત નથી ! પછી તો કોઈ મોટા સિદ્ધિ હસ્ત પુરુષ હોય કે કોઈ એક ગામડાનો અબુધ હરિજન હોય !

સ્વામિનારાયણ સંપ્રદાયનું આ ટચૂકડું બંધારણ જગતનાં બીજાં ધર્મોના બંધારણ કરતાં કદાચ ભલે નાનું હશે પરંતુ એનું અનુસરણ- જે પ્રાપ્તિ કરાવે છે તે અદ્‌ભૂત અને અલૌકિક છે.

શ્રીહરિએ પ્રથમ જ લખ્યું છે કે "અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવને હિતની કરનારી છે (શિ.૭).

એમણે કોઈ મોટા મોટા નીતિ નિયમો કે આચાર વ્યવહાર સૂચવ્યાં નથી.

સત્‌શાસ્ત્રોએ જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા છે એવા "સદાચાર" ને સુવ્યવસ્થિત અને સુગ્રથિત કરીને બાઈ, ભાઈ, ત્યાગી, ગૃહીનાં ધર્મોને અલગ અલગ તારવ્યા છે.

(ધર્મની મર્યાદામાં રહીને જીવનમાં)" સદાચારને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને પરલોકને વિષે મહાસુખિયા થાય છે." (શિ.૮)

આ લોક અને પરલોક બંનેને વિષે માત્ર સુખિયા જ નહિ પરંતુ મહાસુખિયા થવાનો આવો પરમ કીમિયો શિક્ષાપત્રીમાં છે.

શ્લોક ૮ થી શ્લોક ૨૦૨ સુધી સત્સંગી બાઈ-ભાઈ સર્વેના સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મની આલોચના કરવામાં આવી છે.

શ્લોક ૨૦૪ માં શ્રીહરિની ગેરંટી છે કે "અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે."

પરંતુ એટલું યાદ રાખીએ કે શિક્ષાપત્રી કોઈ જાદુઈ ચિરાગ નથી કે નથી કોઈ અક્ષયપાત્ર કે જે માંગીએ તે મળી રહે !

શિક્ષાપત્રીનાં શ્લોક ૨૦૫ થી ૨૧૦ આ છ શ્લોક શિક્ષાપત્રીને સમજવા માટે અતિ મહત્વનાં છે. કેમ કે મનવાંછિત ફળ પ્રાપ્તિનો હેતુ જો પાર પાડવો હોય તો "અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાન પણે કરીને નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું" (શિ. ૨૦૫)

આ શ્લોકના પ્રત્યેક શબ્દનું ખૂબ મહત્વ છે. "અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામને મોક્ષ - એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે" (શિ. ૨૦૬)

પરંતુ આ સાથે જ શ્રીહરિએ સ્પષ્ટપણે એક ચોખવટ પણ કરી છે. "વળી જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેરે છે એમ અમારા

સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું.'' (શિ. ૨૦૭)

આવી અદ્‌ભુત શિક્ષાપત્રી અંતરના તિમિર (અંધકારરૂપ દોષ) ને હરનારી કોઈ અપૂર્વ અંજનશલાકા રૂપ છે. તો સંસારરૂપ કાદવમાં ચારે તરફ આળોટણ કરવાથી કાદવવાળા થયેલા મનુષ્યોને નિર્મળ કરવા માટે જ શિક્ષાપત્રીનો અવતાર થયો છે.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ જે અરસામાં આ પૃથ્વીને વિષે અવતર્યા અને વિચર્યા તે સમગ્ર સમયનો ઇતિહાસ જો અવલોકીએ તો જણાશે કે ચારેય બાજુ ધર્મનું જાણે કોઈ અસ્તિત્વ જ નહોતું. એવા અંધાધૂંધ સમયમાં ''અમીમય દૃષ્ટિ'' અને ''કરુણાસભર વાણી'' માત્રથી અનેક જીવોનું શ્રીહરિએ કલ્યાણ કર્યું. અને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનાં સ્વરૂપોને અતિ સરળ ભાષામાં જગતના જીવોને ઓળખાવ્યા.

સંસારમાર્ગમાં ભ્રમણ કરનારાં પ્રાણીઓ જ્યારે દિગ્મૂઢ થયેલા એટલે કે કર્તવ્યાકર્તવ્યમાં ભ્રાન્ત થયેલાં એને વૈદિક કર્મમાત્ર કેવળ પ્રાણીઓને પીડવામાં જ પ્રવૃત્ત થયેલો ત્યારે કેવળ કરુણાથી જ સાક્ષાત્ અક્ષરધામાધિપતિ સ્વયં શ્રીહરિએ અવતાર ધારણ કર્યો અને ''મોક્ષની કરનારી એવી જે શિક્ષા'' તેને શિક્ષાપત્રી સ્વરૂપે પ્રવર્તાવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીહરિનું સર્વ કોઈનું મંગળ કરનારું આ બીજું સ્વરૂપ શિક્ષાપત્રી રૂપ પૃથ્વી ઉપર આજે પણ પ્રવર્તે છે, પ્રકાશે છે કેમ કે, ''આ અમારી વાણી તે અમારું સ્વરૂપ છે'' (મદ્રુપમિતિ મદ્રવાણી) (શિ. ૨૦૯) એમ શ્રીહરિએ સ્વયં કહ્યું છે.

વસંતપંચમીના આ મંગલમય દિવસે શ્રીહરિનાં વાંગમ્ય સ્વરૂપ એવી શિક્ષાપત્રીના મહત્વ અને માહાત્મ્યને યથાર્થ રીતે ઓળખીએ એ જ આ પર્વની મહાનતા છે.

(અનુ. પેઈજ નં. ૬ .....


શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો

- અમદાવાદ મંદિર

ઝળહળતાં બ્રહ્મા,
વિષ્ણુને શિવના તેજ બિંબ સમા ત્રણ
સુવર્ણ કળશો,
અને એમનીયે ઉપર આકાશના
સુવિશાળ ચન્દરવાની નીચે ઉડતા
ફફડતા હોય
અર્જુનના રથ ઉપરના જેવા ત્રણ
કપી ધ્વજો,
કલાકોના કલાકો પર્યંત એ
અંતરિક્ષનું સરોવર કિશોરવસ્થામાં હું
નિહાળી રહેતો,
કંઈક અગોચર આકર્ષણ આંખોને
ત્યહાં જાણે જડી રાખતાં અનિમિષ
આંખો જાણે મંદિર શિખરના સંદેશ
પીતી.''

સ્વામિનારાયણ ભગવાને લોક કલ્યાણને સાધ્ય બનાવવા મોટા મોટા શિખરબધ્ધ નવ મહા મંદિરો બનાવરાવ્યા, જેની શુભ શરૂઆત અમદાવાદમાંથી કરી. અમદાવાદનું મંદિર એટલે સહજાનંદ સ્વામીનું જીવંત સ્મારક, જાણે સાક્ષાત્ અક્ષરધામ પૃથ્વી પર ઉતરી આવ્યુ હોય ને શું !!! એવી અનુભૂતિ દરેક દૈવી જીવને મંદિરમાં પ્રવેશતાની સાથે જ થાય છે ! અમદાવાદનું આ આખું મંદિર જ પ્રસાદીનું છે. મંદિરમાં ઘુમ્મટના દરેક સ્તંભને શ્રીહરિના હસ્તનો સ્પર્શ થયેલો છે. શ્રીહરિના ચરણારવિંદની રજથી આખુંય મંદિર પાવન બનેલું છે.

(ક્રમશઃ)



દર્શન નરનારાયણદેવના !

''સ્વામિનારાયણ ધર્મની ધજા લહેરાય;
પ્રેમાળ પ્રભુ સર્વત્ર પંકાય;
બદ્રિનારાયણ ભોમમાં પ્રગટ થઈને;
અમદાવાદ ઉજાગર કરાય.

● સ્વામિનારાયણ ધર્મની .....
ઝળહળે જ્યોત હૃદય-મંદિરમાં;
પાવન પ્રભુ પ્રેમે પૂજાય;
દર્શાનાર્થે માનવ મહેરામણ ઊમટે;
પરચાઓ પ્રેમથી પૂરાય;

● સ્વામિનારાયણ ધર્મની .....
૨૮ણ નરનારાયણનું અંતર નિરંતર;
પ્રભુ દર્શન દેજો સદાય;
શ્રીજીએ પધરાવ્યા પ્રેમે બાથ ભરી !
અંશાવતાર ઓળખાય.

● સ્વામિનારાયણ ધર્મની .....
આધિ, વ્યાધિ, ઉપાધિ ટળી જાય;
જો સ્મરણ તમારું કરાય;
નિજાનંદે વંદે સૌ નરનારાયણ દેવને;
સૌ ભાવથી ગુણલા ગાય;

● સ્વામિનારાયણ ધર્મની .....

(- પ્રો. મહાદેવ ધોરિયાણી)

ટોપીવાલાને સદ્સંગની ગુણ

- ગોરધનભાઇ સીતાપરા (હીરાવાડી-બાપુનગર) (ગતાંકથી ચાલું)

તમે તેમને અમારી પાસે લાવો તે જો પરસ્ત્રીને માતા કહે તો અમે મરદ માનીએ. અને સ્વામીના શિષ્યો તો ગૃહસ્થ હોવા છતાં પરસ્ત્રીને માતા સમાન માને છે.

પાટીદાર મુખ પર શાહી ઢળી હતી. માર્ગ મળે તો ભૂમિમાં પેસી જવાનું મનમાં થતું હતું. સાહેબે કહ્યું કે સ્ત્રીના ગુલામ થયેલા ગુરુ અને શિષ્યો જ સ્વામીની નિંદા કરે છે પણ ખરા મરદ સ્વામી છે તે ઘોર કળિમાં પણ આવો સદ્ધર્મ ચલાવ્યો છે. **મત પંથીઓ અધર્મી થયા ત્યારે સ્વામીએ ઉજ્જવળ ધર્મ ચલાવ્યો છે તે સૂર્યરૂપ છે. તેને ઘુવડ જેવા અંધ લોકો જોઇ શકતા નથી. વિવેકીજનો હતા તે તો સ્વામીનો શુધ્ધ મત જોઇ દાખલ થયા.** બોલ્યાં વિના જ સ્વામીનું વર્તન જેમ છે તેમ કહે છે. તેમના જેવા સત્પુરુષોની નિંદા થાય તો પણ તે સત્પુરુષોની કીર્તિ વધે છે. અને નિંદા કરનારા ઘટી જાય છે. તેમનો સત્કાર કરનારા અધમ હોય તે પણ કીર્તિ પામે છે. રામચન્દ્ર ભગવાનનો સત્કાર કરીને હનુમાનજી વાનર હોવા છતાં પૂજાયા અને દ્રોહ કરવાથી રાવણ પુલસ્ત્યનો પૌત્ર હોવા છતાં વંશ સહિત નાશ તેમજ અપકીર્તિને પામ્યો. જગતમાં સ્ત્રી પુરુષોનાં મન એકબીજામાં વિષયને માટે ખૂંતેલા છે. તેથી ઊંચા કુળના હોવા છતાં પણ લાજ મૂકી યવન કે શ્વપચના ઘરમાં રહે છે. તેમની તમે નિંદા કરતા નથી. અને સ્વામી તો વિષયને વિષે સમાન મનાવે છે ને લોકોને ભગવાનને માર્ગે દોરે છે. તેની તમે નિંદા કરો છો. તમારા ગુરૂઓ રંડી બાજ છે. તેને ઈશ્વર ભાવ લાવીને પૂજો છો, પણ આંકડામાં આંબાની બુદ્ધિ લાવશો તેથી કરીને કેરીનો રસ મળવાનો નથી. અમે સ્વામીના શિષ્ય નથી, છતાં અમારી બુદ્ધિ પ્રમાણે તમને કહ્યું. તમારી સ્ત્રીઓ તમને પગના જોડા સમાન ગણે છે. છતાંય તમે સ્વામીનું ઘસાતું બોલો છો, પછી સાહેબ શ્રીહરિને કહે કે અમારા મોટા સાહેબ છે તે અમારા કરતા પણ નીતિનો માર્ગ વધુ સમજે છે. અમારા ઉપર નજર રાખજો. તેથી અમો પણ નીતિમાં વર્તીએ. મનુષ્ય તન વિના બીજા તન પાપરૂપ છે. મનુષ્ય તનને છેદવાનું મહાપાપ છે. **મનુષ્યને મારનારા મહાપાપી છે. છતાં કોઇ માણસ મનુષ્યનું ખૂન કરે ત્યારે અમે બધા પાંચ દશ જણની તપાસ કર્યા પછી જેવું ખુન કરે તેવો દંડ આપીએ છીએ. કારણ કે જેવી નીતિમાં માણસ વર્તે તે પ્રમાણે ભગવાન તેને જન્મ આપે છે.** દુર્લભમાં દુર્લભ મનુષ્ય શરીર છે તેમાં પણ તમે જ નીતિનું પાલન કરો છો તે અતિ દુર્લભ છે. ત્યારે શ્રીહરિ કહે, તમે આવી વાત સમજો છો તેથી બુદ્ધિમાન અને ભાગ્યશાળી છો. સત્સંગની બરદાસ રાખશો તો ઘોર પાપથી છૂટી જશો. એટલી વાત કરી શ્રીહરિ ચાલ્યાં. સાહેબ સાથે ચાલ્યાં. શ્રીહરિ અશ્વ પર બેઠા અને અપાર વાજિંત્ર વાગવા લાગ્યાં.

શ્રીહરિ કહે, બીજારાજાઓ લોભવશ થઈ લુંટારાને શિક્ષા કરતા નથી, ને ટોપીવાલો લોભમાં લેવાતો નથી. જ્યાં ટોપીવાળાનું રાજ્ય છે ત્યાં પ્રજા સુખે ઘરકામ કરી શકે છે. ચોરઅને પાખંડીને તે પકડી લે છે. સત્સંગની પેઠે તેની પણ અદલનીતિ છે. આ લોકમાં કોઈ દુઃખ પામે નહિ તેવી તેની બુદ્ધિ છે. સુરાભક્ત કહે, "ટોપીવાળા જેવો કોઈ રાજા નહિ કે જે અન્યાયીને કોટિ ઉપાયે પકડ્યા વિના રહે નહિ." રાજાઓના બધા શુભ ગુણો ટોપીવાળામાં રહેલા છે. તે ધનની મતલબ રાખ્યા વિના અનીતિમાં ચાલે તે રાજા હોય કે ગુરુ હોય તો પણ પકડે છે અને મનુષ્ય માત્રને નિયમમાં ચલાવે છે.


એક સમયે શ્રીહરિએ વસઈના હરિભક્તોને દર્શન આપ્યા બાદ સાબરમતી ઉતરી સ્નાન કર્યું તથા ટીમણ કરી અશ્વ પર બેઠાં. શ્રીહરિ સાથે એકસો સવાર હતા. ત્યારે ટોપીવાળા મોટા સરદારે શ્રીહરિને દેખ્યા અને મનમાં અપાર આનંદ થયો અને કહ્યું કે તમને લગારેય માન નથી. જેને અપાર મનુષ્યો માને તેને બહુ માન આવે. જેમાં માન આવે તે ક્ષુદ્ર જીવ કહેવાય. ક્ષુદ્ર ને અમે ક્યારેય માનીએ નહિ. તમારા જેવાને જ અમે મોટા માનીએ છીએ. તમારા સંતો પણ તમારા જેવા છે. વ્યસન માત્ર કરતા નથી. આ બધી રીત મતપંથથી જુદી અને અલૌકિક છે. આવી રીતે અલૌકિક પુરુષ વિના પ્રવર્તે નહિ. મોટા ભાગ્યે કરીને એમની ઓળખાણ પડે છે. મોટા પુરુષનું

જે સન્માન કરે છે. તેનું જ આ ભૂમિ પર સન્માન થાય છે. અને જે અપમાન કરે તેનું અપમાન થાય છે. અમારા મોટા સાહેબ કોઈનું અપમાન ભૂલથી પણ કરતા નથી. જેથી દિવસે દિવસે મોટાઈ પામતા રહે છે. અમારામાં જ્યાં સુધી કાયદાની રીતે ચાલશે ત્યાં સુધી અમારી રાજ્ય સમૃદ્ધિ વધ્યા કરશે, છાની લાંચ લેશે અથવા તમારા જેવાનો અપરાધ કરશે ત્યારે રાજ્ય નાશ પામશે. અને બુદ્ધિમાંથી પ્રકાશ નાશ પામશે, જેનો સ્વતંત્ર હુકમ ચાલતો હોય તેના દિલમાં નમ્રતા રહે નહિ. અને મનનું ધાર્યું ચીતરવા લાગે, પણ બુદ્ધિવાળા લોકો જ્યાં સુધી પ્રમાણ ન કરે ત્યાં સુધી પોતાની બુદ્ધિમાં ન્યૂનતા સમજવી જોઈએ. કોઈનું માને નહિ. તથા કોઈ હિતની વાત કહે તેને તુચ્છ ગણે તેનો કોઈ મિત્ર રહે નહિ. તમારા જેવાનું અપમાન થાય તો રાજ્ય નાશ પામી જાય. મોટા તો કોઈનું ભૂંડુ ઈચ્છતા નથી. પણ કલ્પવૃક્ષની પેઠે જેવો સંકલ્પ કરે તેવું આપો આપ મળે છે. મોટા ટોપીવાળાએ વાત કરી. શ્રીહરિ ત્યાંથી ધોળકા આવ્યા.

શ્રીહરિ કહે, તે રાજાના કાયદા ઈશ્વરની ઈચ્છા પ્રમાણે છે, તેથી દિવસે દિવસે રાજ્યવૃદ્ધિ પામે છે. એક સમયે વૈરાગીઓએ પોતાને સાચા ગણાવી ને અંગ્રેજો આગળ એવી વાત કરી કે બીજા પેટ ભરનારા ભેખધારી પશુ સમાનછે. ત્યારે અંગ્રેજે વેરાગીને કહ્યું કે અમે નજરે દેખીને વાત તપાસી ને કહીએ છીએ. અહીંના લોકો તપાસ કર્યા વિના વાતો કરે છે. નજરે તપાસ્યા વિના અને સાહેબનો ડર રાખ્યા વિના જે લોકો વાત કરે છે તે બધી વાત સાહેબ લખી લે છે. અને જેવી વાત જેણે કરી હોય તે વાત તેની પાસે કબૂલ કરાવે છે. પછી તપાસ કરાવે છે. ખોટી વાત કહેનારાને સજા થાય છે. સાહેબ બીજા દ્વારા સજા આપે છે. જેની ફરિયાદ તમે કરી, તેને અમે નજરે જોઈશું ને તપાસ કરીશું. પાખંડ તો અમારાથી ત્રાસે છે. ચોર, વ્યભિચારી, ઠગારા વગેરેની તપાસ કરી અમે નાશ કરીએ છીએ. એમ કહી સાહેબે વેરાગીઓને રજા આપી. પોલીસની એક પલટણ તૈયાર કરાવી બે ઘડી દિવસ હતો ત્યારે સંતો સભા ભરીને બેઠા હતા ત્યાં પલટણ લઈને સાહેબ ઘોડા પર બેસી આવ્યા. સંતની ચારે બાજુ ઉભા, સંત ત્રાસ પામ્યા નહિ. ફરતા ઉભા રહી કવાયત કરી પડઘમ વાજા વગાડવા લાગ્યા. બસો સંત સ્થિર થઈને બેઠા હતા. સાહેબ બધું જોઈ રહ્યા હતા. કોઈની પાસે ચીપિયો કે સોટી જેવું હથિયાર ન હતું. ધાતુપાત્ર કે હૂકો તમાકું ન હતું. સાધુના નેત્ર નિર્મળ દેખી તથા વિકારથી રહિત દેખીને તેને પ્રેમ થયો. આસન લગાવીને બેઠો. વેરાગીઓએ કહેલું કે એક હજાર મૌઉ ભેખ લઈને પુલ પર ઉતર્યા છે ને દગાબાજ છે. તેથી સાહેબે સંતોને પૂછયું કે તમો કેટલા જણા છો ને તમારામાં મોટા કોણ છે ? ત્યારે એક સાધુએ વ્યાપકાનંદનું નામ લીધું ને બસો સંત હોવાનું કહ્યું, ત્યારે સાહેબે કહ્યું કે ચાર જણા અમારે ત્યાં આવજો એટલું કહી ગયા. સવારે ચાર સંતો ગયા. પંજાબ દેશના અખંડાનંદ મુનિને પૂર્વની બોલી આવડતી હતી જે સાહેબને સારી લાગતી. તેમણે નિષ્કુળાનંદ મુનિ, શાંતાનંદ મુનિ અને શ્રી ગુરુચરણરતાનંદ મુનિને સાથે લીધા. સાહેબે મુનિને પ્રતાપી જોઈ ખુરશીઓ આપી. વારા ફરતી મુનિઓ તરફ જોઈ આનંદ પામ્યો. પછી વેરાગીના મહંતને બોલાવ્યો. તેને ખુરશી આપી નહિ. તે સાહેબની સામે ઉભો રહ્યો. સાહેબે ચાર સંતના નામ લખ્યા બહુ કઠણ નામ છે એમ કહી ખુશ થયો. તમને સાધુ કર્યા તેમના નામ લખાવો એમ કહ્યું, તેથી સહજાનંદ સ્વામી નામ લખાવ્યું. ગુરૂના જન્મનું સ્થાન લખ્યું પછી નિષ્કામી, નિઃસ્પૃહી, નિર્માની, નિર્લોભી વગેરે શબ્દોના અર્થ સમજાવીને આવી રીતે પોતાનું વર્તન લખાવ્યું. ત્યારે સાહેબ કહે તમારો ધર્મ સત્ય છે. તમારા ગુરૂ પણ સત્ય છે. તમને અસત્ય કહે તે બધા અસત્ય છે. જ્યાં સુધી તમારી ખુરશી હોય ત્યાં સુધી પુલ પર રહેજો.

સાહેબના મુકામથી સંતો જ્યારે ચાલ્યા ત્યારે સાહેબે કહ્યું કે જ્યારે પુરમાંથી કોઈની રસોઈ ન હોય ત્યારે અમારો મોદી તમને સીધુ આપશે. મોદી વણિકને બોલાવીને નિત્ય સંતો પાસે જઈને સીધા બાબત પૂછવાની સાહેબે આજ્ઞા કરી. પછી વેરાગીને સાહેબે કહ્યું કે તમે જેને મૌઉ કહેતા હતા તે તો સાચા સંત છે. તમે તમારા જેવાને અસલ સંત ધારી બેઠા છો પણ અમે તપાસ કરીને જોયું તો તેમની અપેક્ષાએ તમે બધા મૌઉ છો. તમારામાં એકેય નીતિ નથી. તમારામાં કેટલાક અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખતા નથી. ચારેય સંપ્રદાયના મહંતો આવીને કહો કે તમારામાં ધાતુને ધન કેટલા રાખતા નથી ? તમે બધા નામ માત્ર સાધુ છો. નીતિનો પણ તમે સર્વથા ત્યાગ કર્યો છે. તે નીતિ એ જ ધર્મનું રૂપ છે. તમે કહો છો કે અમે નમીએ નહિ પણ વગર નમે નમેલા છો. ધર્મ વિનાનો

આચાર્યશ્રી પંથ બતાવે



"ઓ આચાર્યશ્રી ! પંથ બતાવો,
હું શરણ તમારે આવ્યો છું.
ભવસાગરમાં ભૂલો પડિયો,
હું શરણ તમારે આવ્યો છે... ઓ આચાર્ય !

મધ દરિયે મારી નૈયા,
હાલક - ડોલક થાય છે.
આપ વિના મને કોણ ઉગારે ?
હું શરણ તમારે આવ્યો છું.... ઓ આચાર્ય !

સેવા સમરણ શી રીતે કરવાં,
તેનું મુજને જ્ઞાન નથી,
આપ વિણ રસ્તો કોણ બતાવે ?
હું શરણ તમારે આવ્યો છું... ઓ આચાર્ય !

ટૂંકોને ટચ રસ્તો બતાવી,
સીધો માર્ગ ચઢાવી દ્યો,
જન્મ મરણનો ફેરો મિટાવો,
હું શરણ તમારે આવ્યો છું... ઓ આચાર્ય !

ગુરુ વિના તો જ્ઞાન ન આવે,
એવો શાસ્ત્રનો ધારો છે,
બૂડતાની ગુરુ બાંય ગ્રહો,
હું શરણ તમારે આવ્યો છું... ઓ આચાર્ય !

(- પ્રો. મહાદેવ ધોરિયાણી)

સંપ્રદાય નાક વિનાના મનુષ્ય જેવો શોભે છે. નકટાને નકટા નમે ને પ્રશંસા કરે તેમાં શું થયું ? ત્યારે વૈરાગી કહે કળિયુગમાં તો હરિ કીર્તન સર્વ સાધનથી અધિક છે. હરિ કીર્તન અગ્નિ સમાન છે ને પાપ માત્ર દારૂ સમાન છે. જેથી ફાવે તેવો પાપરૂપી દારૂનો ઢગલો હોય પણ તિલ માત્ર અગ્નિથી ઊડી જાય છે. ત્યારે સાહેબ કહે દારૂ કાદવને પાણી ત્રણ ભેગા હોય તો ઊડે નહિ.સૂકો દારૂ હોય તે ઉડે. એમ માનસિક પાપ અજાણ્યે થાય તો હરિના નામથી બળી જાય પણ કુસંગે અથવા જાણી જોઈને પાપ કરે તે હરિ નામથી બળી જાય પણ કુસંગે અથવા જાણી જોઈને પાપ કરે તે હરિનામથી વળી જાય એમ અમે માનતા નથી. જેને અનીતિમાં ચાલવું છે તે ફાવે તેમ કહે. જેમાં ધર્મ નથી એવા સંપ્રદાય ઉજળા હોય તો પણ ઝેર મેળવેલા દૂધ જેવો છે. તેને જે પીએ તે મર્યા વિના રહે નહિ.

એમ અતિશય બુદ્ધિશાળી સાહેબો નીતિ પ્રમાણે વાત કરતા. ઉધ્ધત વાત ક્યારેય કરતા નહિ. અબૂધ પ્રજાને શિક્ષા કરતા નહિ, પરંતુ જાણીને જો કોઈ અપરાધ કરે તો પોતાનો પુત્ર, ચાકર કે બીજો કોઈપણ હોય, તેને પણ શિક્ષા કરે. તેથી તેમનું રાજ્ય જામ્યુ. પરંતુ કોઈ ધર્મવાનનો અપરાધ જાણીને કરશે ત્યારે તેનું મૂળ છેદાશે. વેરાગી પછી સાહેબની બુદ્ધિના વખાણ કરી મુકામે જઈ ગુપચુપ બેસી રહ્યા.

કળિયુગમાં તે સમયે જે દુઃખીદાયી ઉન્મત રાજાઓ થયા હતા તેનો મદ ઉતારવા ભગવાને દયા કરીને અંગ્રેજને પ્રેરણા કરી. તેણે બધાને વશ કર્યા અને સામે થયા તેને ઉડાડી દીધા. એમ ભગવાન હર કોઈ દ્વારે પોતાનો પ્રતાપ દેખાડે છે. જ્યારે આપણા સંતો પ્રજાને સાચો ઉપદેશ આપવા લાગ્યા ત્યારે ઉપરથી ધર્મી દેખાતા પણ અંદરથી અધર્મથી ભરેલા લોકો સંતોને મારવા લાગ્યા. ત્યારે ઈશ્વરની ઈચ્છાથી આવેલા અંગ્રેજ રાજાએ સંતોની રક્ષા કરી અને અધર્મીને કાબૂમાં રાખ્યા.

એક સમયે ફૂલદોલનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોએ ખેડાના સાહેબને સમૈયો કરવા બાબતે સંભળાવ્યું. ત્યારે સ્વામિનારાયણ ભગવાનનું નામ સાંભળી તે સાહેબે મહારાજની બહુ પ્રશંસા કરી ખુશીથી હા પાડી અને કહ્યું કે, **સ્વામિનારાયણના જે અનુયાયીઓ છે, તે વચનરૂપી કેદમાં રહે છે. સમૈયામાં લાખો લોકો ભેગા થાય છે પણ તેઓમાં વ્યસન, ફેલ, ફતુર ક્યારેય જોવામાં આવતા નથી. સરકારના ગુનામાં આવે તેવું કામ કરતા નથી.** તેમના હરિભક્તો સિવાયના બીજા જે લોકો છે તેઓ જ્યાં ભેગા થાય ત્યાં ન કરવાના કામ કરે છે, અને ફેલ, વ્યસનથી તેઓ ક્યારેય ડરતા નથી. ત્યારે શ્રીહરિ કહે કે હવે સુ રાજ્ય થયુંછે તેથી કલિ, અધર્મ અને અસુરનું બળ ચાલવાનું નથી, હવે વર્ષોવર્ષ સમૈયા કરવા છે.

સત્સંગ સૂરભિ :

પછી વાલ્યમો આવ્યા વિહાર

– અતુલ પોથીવાલા

વિજાપુર તાલુકા અને મહેસાણા જિલ્લામાં આવેલું વિહાર ગામ એક એવું વિશિષ્ટ ગામ છે કે જ્યાં સ્વામિનારાયણ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ નથી ! આર્થિક અને સામાજિક રીતે પણ ગામ ખૂબ આગળ પડતું છે.

અહીંનું મંદિર દક્ષિણાદા બારનું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની સુંદર પટમૂર્તિ પધરાવેલી છે. મંદિરના દરવાજા ઉપર સુંદર નવ્ય ભવ્ય ટાવર છે. પહેલા આ જગ્યા પટેલ હિરાચંગાવતની હતી.

હિરાચંગાવત પટેલ શ્રીજી મહારાજના પરમ ઉપાસક હતા. તેઓને શ્રીજી મહારાજ દરરોજ દર્શન આપતા. પટેલ જ્યારે જ્યારે ખેતરમાં જાય ત્યારે શ્રીજી મહારાજની સાથે પ્રત્યક્ષ વાતો કરતાં કરતાં જાય. ગામના લોકો તેમની મશ્કરી કરતાં કહે કે, "પટેલ તમે ગાંડા થઈ ગયા છો કે શું ? તમે આમ રોજ એકલા એકલા કોની સાથે વાતો કરો છો ?" ત્યારે પટેલ કહે, "શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ આવી મારી સાથે વાતો કરે છે. અને વાતોનું પરમ સુખ મને આપે છે." આવું સાંભળી સર્વે આશ્ચર્ય પામતા.

હિરાચંગાવત પટેલે પોતાનું જે કાંઈ હતું તે બધુંજ શ્રીજી મહારાજને સમર્પણ કર્યું અને તેમનું ઘર હતું તે મંદિર કરવા માટે આપ્યું. હાલમાં જે મોટું મંદિર છે તે જગ્યા હિરાચંગાવતની હતી.

એક સમયે શ્રીહરિ પોતાના સંતો, પાર્ષદો સહિત દંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં કરતાં સં. ૧૮૭૫ માં પ્રથમવાર વિહાર ગામે પધાર્યા. તે સમેય ગામમાં કોઈ સત્સંગી નહોતું. આખું ગામ શક્તિપંથી હતું. ગામમાં જે બ્રાહ્મણો હતા તે બધા પણ શક્તિપંથી તથા કામણ ટુમણ વાળા હતા. અને એવા તો બળિયા હતા કે ઉડતું પંખી મંત્ર બળથી મારીને નીચે પાડી શકે તેવી તાકાત ધરાવતા.

આવા પ્રખર શક્તિપંથી ગામમાં ગામના પૂર્વના કોઈ સત્કર્મે કરીને ગામની ભાગોળે તળાવના કિનારે હાલમાં જે જગ્યાએ વડ છે તે જગ્યાએ પાંચસો પરમહંસો સહિત શ્રીજી મહારાજ પધાર્યા.

ગામના આગેવાનો જેવાં કે પિતાંબર ત્રવાડી, તુલસીદાસ પટેલ, કુબેરદાસ પટેલ તથા ગામના બીજા જનો કોઈ શ્રીજી મહારાજને ભગવાન તરીકે જાણે નહિ. પરંતુ ગામની ભાગોળે કોઈક બાવો જમાત લઈને આવેલ છે તેમ જાણીને દરેકે પોતપોતાના મનમાં નિશ્ચય કર્યો કે જો બાવો સાચો ભગવાન હશે તો આપણને દરેકને પોતપોતાના નામો લઈને બોલાવે તો તે ભગવાન સાચા અને જો તે પ્રમાણે ના કરે તો દરેકે ભેગા મળીને તેમના ઉપર ધૂળ, કાદવ, કિચડ ઉડાડીને તેમને ગામના સીમાડેથી દૂર કાઢી મૂકવા.

આવો નિશ્ચય કરી સર્વે ધૂળ માટીની પોટલીઓ ખભે મૂકીને જ્યાં શ્રીજી મહારાજ ભાગોળે વડ નીચે બિરાજેલા છે ત્યાં જવા માટે નીકળ્યા.

મહાપ્રભુએ દૂરથી સૌને આવતા જોયા. શ્રીજી મહારાજે અમીમય દૃષ્ટિથી દરેકને પોતપોતાના નામો દઈને બોલાવવા લાગ્યા. "આવો પિતાંબર ત્રવાડી, આવો તુલસી પટેલ, આવો કુબેરદાસ ....." મહારાજ દરેકને તેમના નામે લઈને ખૂબ પ્રેમાળ ભાવે માનથી બોલાવ્યા. મહારાજના કરુણાસભર નેત્ર અને અમીમય વાણીથી ઝરતાં અમૃતમય શબ્દોથી સર્વે શક્તિપંથી ગ્રામવાસીઓનાં હૃદય પીગળી ગયાં. સૌ શરમાઈ ગયા. અને ધૂળ માટીની પોટલીઓ દૂર ફેંકી દીધી. મહારાજની પાસે આવી સૌએ દંડવત્ કર્યા. અને નમ્ર વદને દીન બની સૌ પ્રાર્થના કરવા લાગ્યા કે, "હે મહાપ્રભુ ! હે અંતર્યામી ! તમો જ સર્વેના નિયંતા સર્વેશ્વર મહા પ્રભુ છો. અમો બુદ્ધિહીન હોવાથી આપનો અપરાધ કર્યો છે. તો તે અપરાધની અમાપ એવા આપ પાસે અમે સૌ માફી માંગીએ છીએ. આપ અમારા અપરાધને ક્ષમા આપી અમને પોતાના કરો."

શ્રીજીમહારાજે દરેકને સભામાં બેસવાની આજ્ઞા કરી અને ઉપદેશની વાતો કરવા લાગ્યા. અને મનુષ્ય જન્મનું શું કર્તવ્ય છે તે ઉપર પણ ઘણી વાતો કરી.

ઉપદેશ સાંભળીને બે હાથ જોડીને સર્વે ભક્તજનો શ્રીજી મહારાજને પૂછવા લાગ્યા કે, "હે મહાપ્રભુ ! હે અધમ

ઉધ્ધારણ ! અમારા જેવા શક્તિપંથીઓનો ઉધ્ધાર ક્યારે થશે ? અમોએ અમારી અજ્ઞાનતામાં ઘણાં પાપો કર્યા છે, તો હે ભક્ત વત્સલ પ્રભુ ! આપ અમારી ઉપર દયા કરો અને અમારા પાપ નિવારણ થાય તેવો ઉપાય કરો.''

પછી શ્રીજી મહારાજે સૌના હિતની વાત કરતાં કહ્યું, ''ગમે તેવો પાપી જીવ હોય પરંતુ જો ભગવાનના શરણે આવીને પાપનો પ્રશ્ચાતાપ કરે તો તેના ઉપર ભગવાનનો રાજીપો થાય છે ને કરેલા પાપો બળીને ભસ્મીભૂત થઈ જાય છે''

પછી સર્વે ગ્રામજનો વતી આગેવાનોએ વિનંતી કરી કે, ''હે મહારાજ ! અમારા જેવા પાપીઓનો ઉદ્ધાર કરવા આપ અમારા ગામમાં પધારો અને અમોને સૌને પાવન કરો.''

પછી દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પાંચસો પરમહંસો સહિત વાજતે ગાજતે ગામમાં પિતાંબર ત્રવાડીના ઘેર પધાર્યા અને ત્યાં સભા કરી અને ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને તુલસી પટેલ તથા કુબેરદાસ પટેલ જેવા આગેવાનો વર્તમાન ધારીને શ્રીહરિના આશ્રિત બન્યા.

શ્રીજી મહારાજ તથા પાંચસો પરમહંસોને જમાડવા માટે તે સર્વે ભક્તોએ બ્રાહ્મણોને બોલાવીને રસોઈ કરાવી. તે જાણી શ્રીજી મહારાજે પિતાંબર ત્રવાડીને બોલાવ્યા અને કહ્યું કે, ''તમારા ગામના સર્વેજનો ને અમારા ઉપર ઘણો ભાવ જણાય છે તો આ રસોઈ તૈયાર થઈ છે તેમાંથી પ્રથમ આખા ગામને જમાડો અને પછીથી અમે જમીશું !''

ગામના આગેવાનો મહારાજની વાત સાંભળી વિચારમાં પડી ગયા. ''રસોઈ થોડી છે અને એમાંથી આખા ગામના માણસો ક્યાંથી જમશે ?'' અંતર્યામી મહાપ્રભુ એમનો સંકલ્પ જાણી ગયા. મહારાજે કહ્યું, ''તમે ચિંતા કર્યા સિવાય આખા ગામના માણસોને જમવાનું આમંત્રણ આપી આવો. અમો સ્વયં દરેકને જમાડીશું. રસોઈ બાબતે તમો જરાય ચિંતા કરશો નહિ. જેમ કૌરવોની સભામાં દ્રોપદીના ચીર ખેંચાયા ત્યારે ભગવાને નવસો નવ્વાણું ચીર પૂર્યા, નરસિંહ મહેતાની હૂંડી ભગવાને જેમ સ્વીકારી તેમ ભક્તની લાજ ભગવાન અવશ્ય રાખે છે. ભક્તનું કામ ભગવાન પોતે કરે છે, માટે કશી ચિંતા કરશો નહિ.''

મહારાજના ભરોસાના બોલ સાંભળી સૌ ભક્તજનો રાજી થયા. આખા ગામને જમવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

રસોઈ તૈયાર થઈ એટલે રસોઈની આરતી ઉતારી તેમાં લાડુની પરાત ઉપર કપડું ઢાંકીને એક બાજુથી રસોઈ લેવી એવી શ્રીજી મહારાજે દરેકને આજ્ઞા કરી.

સર્વેજનો જ્યારે જમવા માટે પંગતમાં બેસી ગયા એટલે લાડુની પરાત શ્રીજી મહારાજે પોતે લીધી અને પંક્તિમાં પીરસવા લાગ્યા. પીરસતા પીરસતા દક્ષિણબાજુ આવે ત્યારે એક લીમડાના લાકડા ઉપર બેસે અને પીરસતા પીરસતા ઉત્તર બાજુ જાય ત્યારે કુબેરદાસ પટેલના મકાનમાં અનાજ દળવાની ઘંટી હતી તેના ઉપર જઈને બેસે. આવી લીલા કરતાં કરતાં શ્રીહરિ વારંવાર પંક્તિમાં ફરતા અને દરેકને આગ્રહ કરી કરીને લાડુ પીરસે.

મહાપ્રભુનું જ જમણ અને સ્વયં શ્રીહરિ પીરસનારાં પછી કશી ખામી બાકી રહે ? સૌ ગ્રામજનો પરમ તૃપ્ત બન્યા.

આખું ગામ જમી ગયા પછી ગામના આગેવાનો રસોઈ જોવા ગયા. ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો ! જે પ્રમાણે પ્રથમ હતી તેવી અને તેટલી જ રસોઈ અકબંધ જોઈને બધા અતિ વિસ્મય પામી ગયા ! સર્વેના મનમાં નિશ્ચય થયો કે આ કાર્ય કોઈ સામાન્ય પુરુષનું નથી. આવું કામ તો ભગવાન સિવાય બીજા કોઈથી ના થાય !

પછી સર્વે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે ''હે વિશ્વંભર મહાપ્રભુ ! આપ હવે જમી લો.'' ત્યારે શ્રીજી મહારાજ પાંચસો પરમહંસો સહિત જમવા પધાર્યા.

આવી અલૌકિક લીલાનાં દર્શન કરવા ગામનાં અનેક મુમુક્ષુજનો આવેલા. દેવોને પણ દુર્લભ એવાં દર્શન કરી સમગ્ર વિહાર ગામ આજે કૃતાર્થ થયું.

પિતાંબર ત્રવાડી ગામના આગેવાનોમાં શ્રેષ્ઠ હતા અને શ્રીહરિના અનન્ય આશ્રિત બનેલા. એમનું નવું મકાન થતું હતું તે અરસામાં શ્રીજી મહારાજ ફરીથી વિહાર ગામ પધારેલા. મહારાજ એમના ઘેર પધાર્યા અને આવતા વેંત દૂધ પીવાની ઈચ્છા કરી. પિતાંબર કહે, ''મહારાજ ! હાલમાં બધી બેંસો ખેતરે ચરવા ગઈ છે તો તે આવે ત્યારે તાજું દૂધ લાવી આપીશું.'' આ સાંભળી શ્રીજી મહારાજ હસવા લાગ્યા કહે, ''તમારે આંગણે ભેંસ બાંધેલીછે તો ખોટું શા માટે બોલો છો ?''

(અનુ. પેઈજ નં. ૨૦)

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

તીજોરી ખોલવાની ચાવી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત છે ખજાનાની, ખજાનો પણ કેવો ! અતિ અદ્‌ભુત, અંદર-જર ઝવેરાત, સોનું-ચાંદી, હિરા-માણેક, રત્નો વગેરે વગેરે ભરપુર ભર્યા છે. એથી વિશેષ કલ્પનામાં પણ ન આવે એવું ઘણું બધું એમાં ભર્યું છે. પ...ણ મિત્રો ! જેને ચાવી હાથમાં આવે તેને જ આ બધું મળે તેમ છે. તો ચાલો એકાદ ખજાનો ખોલવાનો પ્રયત્ન કરીએ.

કાર્ય ન સહસા કિંચિત્કાર્યો,
ધર્મસ્તુ સત્વરમ્ ।
પાઠનીયાધીત વિદ્યા કાર્ય,
સંગોડન્વહં સતામ્ ॥

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના એક શ્લોકમાં ચાર આજ્ઞાઓનો સમાવેશ કર્યો છે. શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં કહે છે સહસા એટલે કે વિચાર્યા વગર, સંસાર વ્યવહારનું કોઈપણ કાર્ય કરવું નહિ. મનમાં કોઈ કાર્યનો સંકલ્પ થયો નથી કે ઝંપલાવ્યું નથી એવો ગૃહસ્થ દુઃખી થાય છે. પૈસા રોકાણનું સાહસ હોય કે અન્ય ધંધાનું અથવા બીજું કોઈ પણ વ્યવહારલક્ષી કાર્ય હોય એમાં પૂરો વિચાર કરજો. એટલે શાસ્ત્ર કહે છે વ્યવહાર મસ્તકથી કરવો અને ધર્મનું આચરણ હૃદયથી કરવું. વિચાર મસ્તકમાં રહે છે, શ્રધ્ધા હૃદયમાં વસે છે. તો ધર્મનું આચરણ શ્રધ્ધાપૂર્વક કરજો. વિચારીને કાર્ય કરનાર ગૃહસ્થ કોઈ દિવસ દુઃખી થતો નથી. એના પૈસા, એનું ધન સલામત રહે છે. વિચાર્યા સિવાયનું કાર્ય કરનાર માણસ ખૂબ દુઃખી થાય છે. ઉતાવળીયો સ્વભાવ જ વ્યવહારમાં સારો ગણાતો નથી. ઉતાવળથી નિર્ણયો લેવા નહીં. નીતિશાસ્ત્ર એક એવી કથા કહે છે કે -

એક માણસ બહુ સાહસી હતો. વગર વિચાર્યે ગમે ત્યાં ઝંપલાવી દેતો. એમના ગુરુએ કહ્યું તને બહું ક્રોધ છે, તું બહુ સાહસી છે તો તારે આજથી એક નિયમ રાખવો જેના પર ક્રોધ આવે, મારઝુડ કરવાનું મન થાય તો તારે દશ ડગલાં પાછા ખસી જવું પછી શિક્ષા કરવી. એક દિવસે એના ઘરમાં એવું દશ્ય સર્જાયું. એ બહારગામથી રાત્રે ઘેર આવ્યો. આછા અજવાળામાં એણે જોયું. પથારીમાં કોઈ બે જણ સૂતાં છે અને અચાનક તલવાર ઉપર હાથ ગયો. જાતજાતની શંકાઓ કુશંકાઓ થઈ ગઈ. મારી પત્ની અને સાથે જે કોઈ છે તે બંનેને મારી નાંખુ. પણ ત્યાં જ ગુરુનું વાક્ય યાદ આવી ગયું. દશ ડગલાં પાછો ખસ્યો ત્યાં ખબર પડી કે આવ્યા છે એટલે તરત પથારીમાંથી એની દીકરી બોલી ઓ હો બાપુજી આવી ગયા ! પોતાની પરણાવેલી દીકરી બહાર ગામથી આવેલી હતી અને મા-દીકરી સાથે સૂતેલાં. આ ભાઈને થયું જો દશ ડગલાં હું પાછો ખસ્યો ન હોત તો શું થાત !

માટે વિચાર્યા વિના કોઈ સાહસ કરવું નહિ. બીજો એક દાખલો સંસ્કૃત સાહિત્ય જગતમાં પ્રખ્યાત એક કવિનો છે. એનું નામ ભારવિ. ચારેબાજુ એની કીર્તિ ફેલાયેલી હતી. એના પિતાશ્રી કાયમ એને વઢે. ભારવિને એમ થાય કે મહાન પંડિતો મારી પ્રશંસા કરે છે અને મારા પિતાને મારી વિદ્વતાની કદર નથી. કોઈ દિવસ મારી પ્રશંસા કરતા નથી. માટે હું એમને મારી જ નાખું.

એક રાત્રે ભારવિના માતા અને પિતા પર્ણકુટિમાં સૂતા હતાં અને ભારવિ બહાર સૂતો હતો. પિતાને મારી નાખવાના વિચારથી એણે વજનદાર ઘંટીનું પડીયું ઉપાડ્યું. ધીમે રહીને ઝૂંપડી ઉપર ચડ્યો, ઘાસ ખસેડ્યું અને પડ ફેંકવાની તૈયારી કરી તે વખતે અંદર એનાં માતા-પિતા વાતો કરતાં હતાં. માતા કહે છે પતિદેવ આપણો પુત્ર આટલો પંડિત છે, સમાજમાં એની પ્રશંસા થાય છે તમે એની પ્રશંસા કેમ કરતા નથી ? ત્યારે ભારવિના પિતા જવાબ આપે છે. તને ખબર ન પડે. હું જો પ્રશંસા કરું તો એને અભિમાન આવી જાય અને તેની પ્રગતિ અટકી જાય. માટે હું એની પ્રશંસા નથી કરતો. પરંતુ મારા મનમાં તો ખૂબ ગૌરવ છે. મારી છાતી ગજગજ ફુલે છે કે આવો વિદ્વાન દીકરો આપણે ઘેર જન્મ્યો. પરંતુ હજુ વધુ પંડિત બને એ માટે હું એની પ્રશંસા નથી કરતો. ભારવિએ આ સાંભળ્યું, નીચે ઉતરી ગયો એને ખૂબ પસ્તાવો થયો અને પ્રાયશ્ચિત કરવા માટે સસરાને ત્યાં ગયો અને ત્યાં પોતાના ખોટા સાહસનું સ્મરણ થતાં કંપી ઉઠે છે અને એ વખતે હૃદયમાંથી કાવ્ય

પંક્તિઓ સ્ફુરી ઉઠી "સહસા વિદધિત ન ક્રિયા મ વિવેક પરમા પદં પદમ્ ।" આ શ્લોકનો બીજો ભાગ ભગવાને સ્વયં લખી આપેલો.

"વૃણુતે હિ વિમૃશ્યકારીણં ગુણ લબ્ધા સ્વયમેવ સંપદ ॥"

આ લખાણ એના ઓશિંકા પાસે મુકી પ્રભુ અદ્રશ્ય થઈ ગયાં. ખોટું સાહસ કરનાર દુઃખી થાય છે એવા અર્થવાળો આ ભારવિનો શ્લોક, એના કરતાં પણ ત્રણ ઘણા અર્થો - કાર્ય ન સહસા કિંચિત્ કાર્યો ધર્મસ્તુ સત્વરમ્ । આ એક જ પદમાં સ્વામિનારાયણ ભગવાને સમાવી દીધા છે. માટે વ્યવહારનું કામ વિચારીને કરવું.

ને પછીની વાત એ છે કે ધર્મનું કામ તત્કાળ કરવું. માણસનું મન ચંચળ છે, સારો સંકલ્પ થાય અને જો કાર્ય ન કરે તો સાંજ પડતાં પડતાં સંકલ્પ બદલાઈ જાય. દાળમાં જેમ પાણી નાંખો ને દાળ મોળી પડે તેમ મનની અંદર, જેમ સમય જાય તેમ મન મોળું પડે.

અમદાવાદમાં બનેલી એક સત્ય ઘટના છે. વર્ષો પહેલાં એક ગૃહસ્થ હરિભક્ત એક સંતને સભામંડપમાં પૂછે છે. મારા માતુશ્રી ધામમાં ગયાંછે. મારી ઈચ્છા માતુશ્રીનીં પાછળ ઠાકોરજીનો થાળ અને સંતોને રસોઈ આપવી છે. કેટલો ખર્ચ આવે ? એટલે સંતે કહ્યું, હજાર-બારસો થાય. સારૂં તો તો મારે કરવું જ છે. પંદર દિવસ પછી રાખીએ.

પંદર દિવસ પછી કહે પાંચસો રૂપિયા વાપરું તો ચાલે ? સંત કહે તમારી શક્તિ ન હોય તો પાંચસોમાંય થઈ જશે. એમ કરતાં કરતાં સમય વિતતો ગયો તો, તે ભાઈએ ફક્ત રૂપિયા અગિયારનો થાળ કરાવીને પુરૂ કરી દીધું. પૈસા છે છતાં સંકલ્પ સફળ કરી શક્યા નથી. કારણ કે સમય ગયો એટલે ઢીલા પડતા ગયા. એટલે આ શ્લોકમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે ધર્મનું કાર્ય તત્કાળ કરવું. સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોના સુખ માટે કેટલી સરસ વાત સમજાવી છે .આ પ્રમાણે જો ભક્ત આચરે તો ક્યારે પણ દુઃખ ન આવે. આ શ્લોકની ત્રીજી વાત, આપણે જે કાંઈ વિદ્યા ભણ્યા હોઈએ, શાસ્ત્ર, ભજન, કીર્તન અથવા કોઈ લૌકિક વિદ્યા તે સુપાત્રને ભણાવવી. કુપાત્રને કોઈ દિવસ ભણાવશો નહિ. પોતાનો પુત્ર હોય કે શિષ્ય કુપાત્ર હોય તેને વિદ્યાનું દાન આપવું નહીં. સુપાત્રને વિદ્યા ભણાવવી. મહાભારતના શાંતિપર્વમાં પણ આ વાત કહી છે કે સુપાત્ર શિષ્યને વિદ્યાદાન કરવું.

આ શ્લોકની છેલ્લી આજ્ઞા છે કે - "કાર્ય સંગોન્વહં સતામ્" 'અન્વહં" એટલે દરરોજ સંત સમાગમ જરૂર કરજો. આ બાબત પણ આપણા જીવનમાં ખૂબ ઉપયોગી છે. આખા દિવસમાં સંસારમાં રહીને, સંગ-કુસંગની વચ્ચે રહીને જો મુમુક્ષુ આત્મા સમાગમ ન કરે તો એને કુસંગનું બળ દિવસે દિવસે વધતુ જાય. સંત સમાગમ સંસારરૂપી સર્પના ઝેરને ઉતારે છે. કુસંગ રૂપી કાળા નાગનું ઝેર સત્સંગથી નાબુદ થઈ જાય છે.

સંત સમાગમ એટલે શું ? એક તો સંત પાસે બેસવું, એમની આજ્ઞા પાળવી, કથા-વાર્તાનું શ્રવણ કરવું, વગેરે સંત સમાગમના પ્રકાર છે. કોઈને કોઈ પ્રકારે જેને સંત સમાગમ છે એ ક્યારેય પણ દુઃખી થતા નથી. સંત સમાગમથી જ સત્સંગની દૃઢતા થાય છે.

મિત્રો કેવો સરસ ખજાનો છે ! આ તો આપણે એક જ ખજાનો ખોલ્યો છે આવા તો ૨૧૨ ખજાના સ્વામિનારાયણ ભગવાને આપણને આપ્યાં છે. એમાનું સુખ, એમાંની શાંતિ, એમાનું કલ્યાણ, એમાંનો મોક્ષ મળે કોને ? જેની પાસે ચાવી હોય તેને. અને હા, એક દિવસમાં જ આ ખજાનો લઈ નહી શકાય એને ખોલવા માટે નિત્ય પ્રયત્ન (વાંચન) કરવો પડે, તો વિચારપૂર્વક શ્રધ્ધાથી, સમજણથી શિક્ષાપત્રીનું વાંચન કરે અને તેની આજ્ઞાઓનું પાલન કરે તેને ધીમેધીમે સુખ રૂપી ખજાનાની પ્રાપ્તિ થાય છે.

●

એકાગ્રતા વગરની પૂજા કેવી ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

નીલકંઠવર્ણી સાત વર્ષ વનવિચરણના પૂર્ણ કરી. લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં મુક્તાનંદ સ્વામી તથા પચાસ સંતો સાથે રહેતા. નીલકંઠવર્ણીને મુક્તાનંદ સ્વામી સાથે ખૂબ જ આદરભાવ રહેતો. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું વચન રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને આપ્યું હતું. તે વર્ણીરાજ મન, કર્મ, વચને પાળતા છતાં ક્યારેક પોતાનું અલૌકિક ઐશ્વર્ય બતાવતા અને ક્યારેક અંતર્યામીપણે અંતરની વાત જાણીને પછી સંતોને કહેતા, બન્યું એવું કે.....

એક દિવસ મુક્તાનંદ સ્વામીએ એક તુંબડીને રંગી આશ્રમ બહાર ઓસરીમાં સૂકવવા મૂકી. ત્યારબાદ ભગવાનની માનસી પૂજા કરવા માટે બેઠા. બપોરના

સમયે ભગવાનને રાજભોગ સ્વીકારવા બોલાવે છે, હે દયાળુ, હે ભાવગ્રાહી જનાર્દન મારો ભાવ સ્વીકારવા પધારો,

"બેઠા જમવા જગનો આધાર રે,
મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર રે..

ભગવાનને જ્યાં ભાવથી જમાડે છે ત્યાં એકાએક મનમાં બીજો સંકલ્પ થઈ ગયો કે તુંબડી બહાર રંગીને મૂકી છે. કાગડો બગાડે નહિ તો સારૂં. જ્યાં આટલો વિચાર આવ્યો ત્યાં તો .....

"તન કી જાણે મન કી જાણે."

એવા અંતર્યામી વર્ણીરાજે તરત જ મુક્તાનંદ સ્વામીને ટકોર કરતા કહ્યું કે "સ્વામીજી તુંબડીમાં વધુ માલ છે કે ભગવાનની મૂર્તિમાં ? મુક્તાનંદ સ્વામી તરત જ સમજી ગયા અને હાથ જોડી વર્ણીરાજની માફી માગી અને કહ્યું કે, વર્ણીરાજ મને તુંબડીનો સહજ સંકલ્પ થઈ ગયો પણ તમે મારી આંખ ઉઘાડી ભગવાનથી અધિક કંઈ નથી. ભગવાનના સ્વરૂપમાં તન્મયતા આવવી ખૂબ કઠણ છે. પણ જો તન્મયતા આવે ત્યારે આવા તુચ્છ પદાર્થને વિસારી દેવા જોઈએ.

મિત્રો ! શ્રીજી મહારાજે જો મુક્તાનંદ સ્વામીને આપણા ઉપદેશ માટે સહેજ ટકોર કરી. મુક્તાનંદ સ્વામીને તો આટલો એક જ વિચાર આવ્યો પણ આપણને તો કેટલાય વિચારો આવતા હશે. આંખો બંધ હોય, ભગવાનની સામે બેઠા હોઈએ અને મન બીજે ભટક્યા કરતું હોય તો તે શું ભગવાનને ગમશે ? નહિ જ ગમે. માટે શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે કે "મન ઈન્દ્રિયો, અંતઃકરણ સોતો જો એક ઘડી પણ ભગવાનનું ભજન કરે તો આખા દિવસનાં અજાણતાં થયેલાં પાપ બળી જાય છે. માટે ધ્યાન, પૂજા, ભક્તિમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે.

(અનુ. પેઈજ નં. ૧૭ .....

સત્સંગ સુરભી

ત્રવાડીજી હાથ જોડીને કહેવા લાગ્યા, "હે પ્રભુ ! તે ભેંસ નથી પણ તે તો બે વર્ષની નાના પાડી છે." મહારાજ કહે, "તમે તે પાડીને દોહવા બેસો તે જરૂર દૂધ આપશે."

મહારાજનું વચન સાંભળી ત્રવાડીએ પોતાનાં જ બહેન માનબાઈને પાડી દોહવા માટે કહ્યું. સૌના આશ્ચર્ય વચ્ચે પાડીએ દૂધ આપ્યું અને તે દૂધ શ્રીજી મહારાજે રાજી થઈને પીધું. આ વાતની આખા ગામમાં ખબર પડી ત્યારે બીજા જે બાકી હતા તે સર્વેજનો પણ વર્તમાન ધારી શ્રીજી મહારાજનો દૃઢ આશરો કરવા લાગ્યા.

આવી તો ઘણી લીલાઓ શ્રીહરિએ સાત સાત વખત આવીને વિહાર ગામમાં કરી છે.

શ્રીજી મહારાજ જમેલાં તે પ્રસાદીનાં વાસણો જેવાં કે થાળી, વાડકા, પ્યાલા, તાંબાની પરાત (જેમાં લાડુ રાખેલા) વિગેરે હાલમાં ત્રવાડી કુટુંબ પાસે છે. પિતાંબર ત્રવાડીને વિશેષમાં શ્રીજી મહારાજે સ્વહસ્તે આપેલી ભગવાનની મૂર્તિ પણ છે.

કુબેરદાસ પટેલના ઘરમાં જ્યાં મહારાજ રસોઈ કરાવતા તે ઓરડી હાલમાં મોજૂદ છે. તેમના વારસોએ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તે ઓરડી મંદિરમાં કૃષ્ણાપર્ણ કરી છે અને તે ઓરડીમાં જે ઘંટી હતી જેના ઉપર બેસીને શ્રીહરિએ આખાગામની પંક્તિને લાડુ પીરસેલા તે હાલમાં અમદાવાદ મંદિરના રંગમહોલના મેડા ઉપર છે.

અનંત કોટી બ્રહ્માંડોનો અધિપતિ આ ટાણે કશાય આયુધ કે હથિયાર વિના સ્વેચ્છાએ ગામે ગામ વિચરણ કરી રહ્યો હતો ! માત્ર "અમીમય દૃષ્ટિ" અને "કરુણાસભર વાણી" આ બે જ એમના આયુધ હતા.

વિહાર પંથક જ્યાં શક્તિપંથીઓની જ બોલબાલા હતી ત્યાં વારંવાર વિહાર કરીને શ્રીહરિએ સમગ્ર ગામ અને પંથકને સ્વામિનારાયણના સર્વોપરિ રંગે રંગી દીધો !

પલકવારમાં મતપંથીઓનાં હૃદય પરિવર્તન કરી એમને સહજાનંદ રંગે રંગવા એ સર્વોપરિ સિવાય બીજા કોઈથી શક્ય બને નહીં !

આવો અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ ધારનારા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને કોટિ કોટિ વંદન હો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ નીચેના મંદિરોમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ કરી તેની યાદી

નારણપુરા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી આનંદજીવનદાસજી
(હાથીજણ ગુરુકુળ - મૂળીવાળા)

ધરિયાવદ (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર
સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજી (ધ્રાંગધ્રાવાળા)

।। ભક્તિસુધા ।।

ચાલો આપણે પણ મુળી જઈએ

- સાં.યો. મંજુબેન ભારતીબેન ગુરુ
ગોદાવરીબા (અમદાવાદ - હવેલી)

આજ વસંત આવ્યો મારી આલી,
ધામે ધામ ચાલો જઈયે રે
શ્રી મહારાજશ્રી સંગાતે સજની,
રંગ કી ધુમમચાઈયે .....આજ
મહારાજશ્રીનું મુખ નિરખી હરખીને,
વસંત વધાવીએ આલી
અવિનાશાનંદના નાથની સંગે,
રંગ રમિયે મતવાલી .....આજ

મહાન પવિત્ર તીર્થ ભૂમિ મૂળી જ્યા પ્રાચીન કાળમાં ગુરુ દતાત્રેયનો પણ એજ ભૂમિમા આશ્રમ હતો અને તેથી વિશેષમાં ઈષ્ટદેવ મહા પ્રભુશ્રી સ્વામિનારાયણ ભગવાને ત્યાં વારંવાર પધારી એ ભૂમિને પોતાના દિવ્ય ચરણથી અંકિત કરી પાવન કરી છે. મહાપ્રભુ એ સ્વયં એ ભૂમિનો મહિમા કહ્યો છે કે આ ભૂમિમા આવી જે કોઈ રજ માથે ચડાવશે તો પણ તે પવિત્ર થઈ જાશે તેના ગમે તેવા પાપનો નાશ થશે અને આજે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના જે કોઈ જાણે અજાણે દર્શન કરશે તો પણ તેના પાપનો શ્રય થઈ જાશે. એવા એ મહાપ્રતાપી શ્રી દેવ રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજનો વસંત પંચમીના પ્રતિષ્ઠા દિવસ. વસંત પંચમીએ આવી જે દર્શન કરશે તેને ચારધામ યાત્રાનું ફળ મળશે તેમ સ્વમુખે શ્રીહરિએ કહ્યું છે. શ્રીજી મહારાજે વસંત પંચમીના દિવસે સ્વહસ્તે હાથમાં પીચકારી લઈને ભવ્ય રંગોત્સવ કરેલો છે. પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા એ લાડીલો વર હાથમાં પિચકારી લઈને શ્વેત વસ્ત્ર ધારણ કરીને માથે લાંબી લટકતી છોગાવાળી પાઘ પહેરીને જ્યારે એ રસીલો વસંત ખેલતા હશે ત્યારે એ કેવો આનંદ ! કેવું સુખ ! કેવા અંતરના ઉછાળા અને મનના મોજા અને હૈયાના હિલોળકા ઉછળતા હશે. એ સમયની શોભાનો કંઈ પાર નહિજ હોય. તો એવો આનંદ, એવી જ શોભા એ વખતે જે શ્રીજી મહારાજનું સ્વરૂપ શ્વેત વસ્ત્રોમાં હાથમાં પિચકારી લઈને શોભી રહ્યું હતું તેવો જ ઉત્સવ બસ હમણા ઉજવાયો. જેમાં પૂ. મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રી એવા જ શ્વેત વસ્ત્રોમાં માથે લાંબો લટકતો છોગાવાળો સાફો બાંધેલો હોય ! અતિ ભાલમાં તેજ ઝળકી રહ્યું હોય અને હાથમાં એ કેસુડાના રંગની પિચકારી લઈ એ પોતાના લાડીલા હરિભક્તોને જ્યારે રંગમાં તરબોળ કરતા હોય ત્યારે એ દર્શન શ્રીજી મહારાજ જેવી રીતે વસંત ખેલતા જેવી. પોતાના સ્વરૂપની શોભા હતી. તેવાજ દર્શન આપણને પૂ.મહારાજશ્રીના બન્ને સ્વરૂપના દર્શન કરતા યાદ આવે છે. તો આવા વસંત પંચમીના ઉત્સવના દર્શન આપણને વર્ષમાં એકજ વખત મળે. એમા પણ જો આપણે એ ચૂકી જઈએ તો આપણા જેવો કોઈ અભાગીયા નહિ. અને એ મહાપ્રતાપી શ્રીરાધાકૃષ્ણદેવ પોતાના પ્રેમી ભક્તો જે મનોરથ સંકલ્પ કરે એ પુરા કરે છે.

એક સમયની વાત છે. શ્રીજી મહારાજના સમકાલિન મૂળી ગામમાં એક સ્ત્રી ભક્ત જામબા કરીને હતા. એમને શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજમાં એટલો બધો પ્રેમ ભાવ અને એમને કાયમ નિયમ કે શ્રી રાધાકૃષ્ણદેવની મંગળા આરતીના દર્શન કરીને પછીજ અન્ન જળ લેવું અને રોજ ભગવાનના દર્શને મંદિર આવે ત્યારે ઋતુ પ્રમાણે ફળ લાવી અને ભગવાનને અર્પણ કરે. એક દિવસ શ્રી રાધાકૃષ્ણદેવના દર્શન કરીને ફળ અર્પણ કર્યું અને એ વખતે જામબાના પ્રેમભાવને વશ થઈ મહાપ્રભુ શ્રીરાધાકૃષ્ણદેવ સ્વયં પોતાના સ્વરૂપમાંથી બોલ્યા કે જામબા આજે તો બજારમાં સરસ મજાની કેરી આવી છે તો અમારા માટે તમે કેરી કેમ ન લાવ્યા ? આવો દિવ્ય અલૌકિક મધુરો અવાજ સાંભળીને જામબા તો આશ્ચર્ય પામી ગયા. પછી વિચારતા ખ્યાલ આવ્યો કે આ તો મારા પ્રભુએ જ મને કીધુ છે અને તરત જ જામબા દોડીને બજારમાં જઈને સરસ મજાની મોટી મોટી કેરી લઈને મંદિર આવી અને શ્રીરાધાકૃષ્ણદેવને અર્પણ કરી. અને ત્યાંતો મહાપ્રભુએ પોતાનો હાથ મેલી, ઉંબરા ઉપર આવી લીધી, પ્રભુએ હાથ લંબાવી એક કેરી રાખી, હાથમાંય બીજી મેલી સિંહાસને ત્યાંય. અને એ વખતે ત્યાં બીજા ઘણા બહેનો હતા તેઓએ આ પ્રત્યક્ષ જોયુ. અંતરમાં અતિ આનંદ થયો. અને સહુ આશ્ચર્ય ચકિત થયા. ત્યાં તો બ્રહ્મચારી પણ આવ્યા અને ભગવાનના હાથમાં એક કેરી અને બીજી સિંહાસન ઉપર જોઈ વિચાર કરે છે કે મેં તો ભગવાનના હાથમાં કેરી આપી નથી અને સિંહાસન

ઉપર પણ મુકી નથી ને બંધ દરવાજે કેરી આવી કેવી રીતે ! પછી પોતાના સેવકને વાત કરી કે તમે ભગવાનના હાથમાં કેરી આપી છે ? ત્યારે તેણે પણ ના પાડી. પછી તો બધા સંતો બ્રહ્મચારીઓ જોવા આવ્યા. સહુ આશ્ચર્ય પામ્યા. પછી તે જામબાએ પોતાને બનેલી બધી વાત કરી ત્યારે બધાને અતિ આનંદ થયો. અને બ્રહ્મચારીએ કેરીનો રસ કાઢી ભગવાનને રસપુરીનો થાળ કર્યો. આમ આ રીતે મૂળીના મહા પ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણમહારાજના પરચા તો અપરંપાર છે. તો આવો આપણે પણ એ રાધાકૃષ્ણદેવના પાટોત્સવના વસંત પંચમીના દર વર્ષે દર્શન કરી દિવ્યતા પ્રાપ્ત કરીએ.

●

પણ તમે ક્યારે પધારો !

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા

એક વખત શ્રીજી મહારાજ વિજાપુર પધાર્યા હતા. તે વખતે વજીબાઈનો ભત્રીજો પરણતો હતો. વજી ફઈએ ભત્રીજાને ગોત્રેડો ભર્યો હતો. ચારેય બાજુ લગ્નનો ઉત્સાહ હતો. ઢોલ, શરણાઈના સૂર રેલાઈ રહ્યા હતા. વજી ફઈના આનંદનો કોઈ પાર ન હોતો. ભત્રીજાના લગ્ન હોય અને ફેબા ન મહાલે !

આ બાજુ મહારાજ ગામને પાદર આવ્યાં. લીમડાનાં વૃક્ષ નીચે મુકામ કર્યો. એમણે કહેવડાવ્યું, "જે વજીબાઈને કહેજો જે તમારા સ્વામિનારાયણ ગામને પાદર આવ્યા છે."

વજીબાઈ ગોત્રેડો ભરીને ચોરે પહોંચ્યા હતા. ત્યાં મહારાજના માણસે વજીફાઈને બાજુમાં બોલાવીને કહ્યું, "જે વજીબાઈ તમારા સ્વામિનારાયણ પાદર આવ્યા છે અને તમને સંભારે છે."

વજીબાઈના કાને મહારાજના શબ્દો સંભળાયા - "તમારા સ્વામિનારાયણ તમને સંભારે છે" વજી ફઈ તો હરખઘેલાં બની ગયાં ! તરત જ ચુંદડી અને મોડિયો પોતાના પતિ ઉપર ઉડાડી નાંખ્યો અને માણસની સાથે ચાલી નીસર્યા. "અનંત કોટી બ્રહ્માંડનો અધિપતિ આજે મારે ગામ આવી મને સાદ દે છે ? વાહ મારા ભગવાન ! આજે તો હું ધન્ય થઈ ગઈ !"

ભાગોળ આવીને મહારાજને પગે લાગ્યાં પછી મહારાજે પૂછ્યું : "વજીબાઈ આજે કાંઈ નવા વસ્ત્ર પહેર્યા છે કારણ શું છે ?"

વજી ફઈ કહે : "મહારાજ મારો ભત્રીજો પરણે છે તેનો ગોત્રેડો ભર્યો હતો."

મહારાજ કહે : "ક્યાં છે ગોત્રેડો ?"

વજીબાઈ કહે, "એ તો ચોરા પાસે મારા પતિને માથે મૂકી દીધો. ગોત્રેડો તો પોરે ભરીશું પણ તમે ક્યારે પધારો." પછી વજીબાઈએ આગ્રહ કરી મહારાજને પોતાના ઘરે પધરાવ્યા.

મહારાજ સંતો સહિત વજીબાઈના ઘેર આવ્યા. વજીભાઈએ ઢોલિયા ઉપર મખમલી જાજમ પાથરી મહારાજને બિરાજમાન કર્યા.

બ્રાહ્મણ દ્વારા સુંદર રસોઈ તૈયાર કરાવી. મહારાજને સુંદર મજાનો થાળ ધરાવ્યો. મહારાજ બાઈના ભાવને ભોજન રૂપે આરોગવા માંડ્યા. આ બાજુ વજીબાઈ મહારાજને પંખો વિંઝવા લાવ્યા. બાઈ આજે પુરુષોત્તમ નારાયણના મનોહર સ્વરૂપને ખૂબ નજીકથી નીરખી ધન્ય બની ગઈ !

"મહારાજ મારે આંગણે પધાર્યા !" આના કેફમાં વજીબાઈ સંસારના લગ્ન નો આનંદ જાણે વિસરી ગયાં ! બસ મહારાજ મય બની ગયાં !

●

અતિ દયાળુ સ્વભાવ છે સ્વામીનો

- ભગવતીબહેન કાંતિલાલ સોની (પાટણ)

વ્હાલા ભક્તજનો આપણે દરરોજ સાંજે ગાઈએ છીએ. "અતિ દયાળુ સ્વભાવ છે સ્વામીનો" તો આવો આપણે એક આવોજ પ્રસંગ સત્સંગમાં બનેલો જોઈએ.

એક વખત દાદા ખાચરના દરબારમાં શ્રીજી મહારાજ બિરાજમાન હતા. ત્યાં એક (એરુ) સાપ આવ્યો. તેની પાસે એક ટેલીયા બ્રાહ્મણનો છોકરો વારે વારે આવે. તે જોઈને મહારાજે પોતાના હાથે કરીને એ છોકરાને થપાટ મારી ને પાછો વાળ્યો. ને એરુને ઝાલીને મૂકી આવ્યા. પછી પાછી સભાને મહારાજ પણ સભામાં બેઠા ને બોલ્યા જે અમારા હાથ ચમચમે છે. ત્યારે જેને વાગ્યું હશે તેને શું થયું હશે ? એને ગોતી લાવો. પછી છોકરો મંદિર બહારથી મળ્યો.

તે સમયમાં મહારાજ રિસાઈને કોઈના થાળ જમતા ન હતા. તેથી બહારથી જ સંતોએ એ છોકરાને સમજાવ્યું કે "જો છોકરા તને મહારાજ કહે માગ. ત્યારે તું કહેજે કે આપ કોઈના થાળ જમતા નથી તો હવેથી જે થાળ કરે તે જમજો." બીજુ છોકરાના બાપે શિખવ્યું કે બીજી વખત કહે માગ. ત્યારે મહારાજના ચરણારવિંદ માંગજે. એમ કહી મહારાજ પાસે છોકરાને લાવ્યા. મહારાજ કહે તને

મારો હાથ વાગ્યો ? ત્યારે છોકરો કહે હા મહારાજ વાગ્યો, તે સમયે કોઈક હરિભક્તે મહારાજની પૂજા કરી એક પાઘ, સાકર ભરેલી થાળી ને બે રૂપિયા રોકડા આગળ ભેટ મૂકી હતી. તે સર્વે મહારાજે એ છોકરાને આપ્યું ને કહ્યું છોકરા તું માગ તે આપું. ત્યારે છોકરો કહે તમે કોઈના થાળ જમતા નથી તો હવેથી જમજો. ત્યારે મહારાજે સાધુ સામે જોયું ને બોલ્યા કે આ છોકરાને સાધુ એ શીખવ્યું છે. પણ છોકરે માગ્યુ તેથી હવે થાળ જમીશું. પછી મહારાજ કહે બીજુ માગ. ત્યારે છોકરો કહે તમારા ચરણાર્વિંદની એક જોડ આપો. તે મહારાજે મંગાવીને આપી. વળી મહારાજ અતિ રાજી થઈને બોલ્યા બીજી વાર માંગ ત્યારે છોકરાના બાપે કહ્યું હે મહારાજ તમે મારા છોકરા ઉપર બહુ રાજી થયા તે હવે છોકરાને શું બાકી રહ્યું ? પછી મહારાજે પોતાના બંને ચરણાર્વિંદ એ છોકરાની છાતીમાં આપ્યા ને બોલ્યા કે તારૂ ને તારા બાપનું કલ્યાણ હું કરીશ. એમ કહી રાજી થઈ પોતાની ઉદાસી ટાળી. ધન્ય છે એ છોકરાને ને એના માતા-પિતાને જેને સર્વોપરિ નો અપાર રાજીપો પ્રાપ્ત થયો.

●

શ્રીહરિનું લીલા ચરિત્ર

– હંસાબહેનશિવપ્રસાદ ભટ્ટ

સત્સંગનું બખ્તર આપણને કેવી રીતે બચાવે છે અને બાળકોના પાયાના ઘડતરમાં કેટલું સત્ય પુરવાર થાય છે તે વાતની થોડી છણાવટ કરી લઉં.

શ્રી સ્વામિનારાયણ પ્રભુ તો અત્યારે પણ પ્રગટ છે, હતા અને સદા માટે રહેવાના તેની અનુભૂતિ થયા વગર રહેતી નથી.

"વિશ્વાસ"

પાયાની ઈંટમાં, મોભને વિશ્વાસ છે
ગગન ચૂમતાં પક્ષીઓને પાંખમાં
વિશ્વાસ છે,
ઊંધી લટકતી વાગોળને, એ વૃક્ષમાં
વિશ્વાસ છે.
વાંદરીની ઠેકમાં બચ્ચાનેં વિશ્વાસ છે.
જડને ચેતનમાં, ચેતનને જડમા
અન્યો અન્ય વિશ્વાસ છે
શ્રીજી તણા સત્સંગમાં ભક્તોને વિશ્વાંસ
છે
આચાર્યના 'તાજ' માં સર્વને વિશ્વાસ છે
શ્રી ઘનશ્યામ તમારા 'નામમાં'
'હંસા રાણા'ને વિશ્વાસ છે
(જીવાત્મા)

આટલો દૃઢ વિશ્વાસ બેસાડનાર અને ગળથૂંથીમાં જ સત્સંગનું 'પયપાન' કરાવનાર માતા-પિતાને કોટી કોટી વંદન.

શ્રીજી મહારાજના સમયનો એક સુંદર પ્રસંગ છે.

એક દિવસ શ્રીજી મહારાજ પોતાના સંતવૃંદ સાથે એકગામથી બીજા ગામ ચાલીને જતા હતા. રસ્તામાં સત્સંગના પ્રસંગોની મહારાજ અને સંતો વચ્ચે વાત-ચીત થતી હતી. થોડીવાર એક ઝાડ નીચે વિશ્રામ લેવા ગયા પરંતુ તે ઝાડ નીચે કોઈ મળ ત્યાગ કરી ગયું હતું. ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. ત્યાં રસ્તામાં ઝાડીમાં એક સસલાનું બચ્ચુ ઝડપથી દોડતું જોયું અને તેની પાછળ કૂતરો તેને પકડવા દોડ્યો. આ જોઈ સંતોના જીવ અધ્ધર થઈ ગયા. પ્રભુ શાંત મંદ મંદ હસતા હતા. ત્યાં પેલુ બચ્ચું આવીને તેમના બે પગ વચ્ચે છુપાયું. પ્રભુએ તેને ગોદમાં સંતાડ્યું. પેલો કૂતરો હાંફતો, હાંફતો પાછો વળી ગયો. સંતો અંદરો અંદર ચર્ચા કરતા હતા કે, આ કૂતરો ઓલ્યા ભવનો દુશ્મન કહેવાય. બિચારા બચ્ચાનો હમણાં શિકાર કરત પણ મહારાજે બચાવ્યું. શ્રીજી મહારાજ બોલ્યા ! એ નિર્ણય તમે કેવી રીતે કરી શકો ? સંતો કહે પ્રભુ આપ જ સમજાવો અમને તો જોયું તેવું સમજાયું.

મહારાજ બોલ્યા લ્યો અમે જ તે વિગતે સમજાવીએ. રસ્તામાં બે પ્રસંગનો અનુભવ આપણને થયો. એક પ્રસંગમાં આપણે થાકેલા હતા અને ઝાડ-નીચે વિસામો લેવા ગયા. પરંતુ તેની નીચે ગંદકી હતી તેથી નિસાસો નાખી પાછા ફર્યા. જો સ્વચ્છતા હોય તો સંત-વૃંદ ત્યાં રોટલા પાણી કરત, સત્સંગ કરતા તો એ ઝાડ પણ મોક્ષનું અધિકારી થાત. પરંતુ તે લાભ તેને પેલા મળ ત્યાગ કરનારે લેવા દીધો નહિ. માટે એ સાચો દુશ્મન કહેવાય ?

આ કૂતરો અબોલ પ્રાણી પણ પરભવનો તેનો હિતેચ્છુ જેથી મારા શરણમાં લાવ્યો અને પછી ચાલ્યો ગયો. આ સસલાને મોક્ષનું અધિકારી બનાવ્યું સંત સમાગમ કરાવ્યો. તો હવે તમેજ કહો આપણા સાચા હિતકારી અને ખરા અર્થમાં દુશ્મન કોણ કહેવાય ?

સંતો કહે સાચી પ્રસંગની સત્યતા સમજાણી પ્રભુ ! ધ્રુવજીએ તેથી જ પહેલા સાવકી માતાને પ્રણામ કર્યા હતા. જેણે ચર્તુભૂજ વિષ્ણુ ભગવાનના દર્શનથી અવિચળ 'ધ્રુવ' સ્થાન પ્રાપ્ત થયું અને શ્રીરામચંદ્ર ભગવાને પણ ૧૪ વર્ષના વનવાસમાં રાવણને મારી અવતારી કાર્ય પૂર્ણ કર્યું. તેનો યશ કૈકેયીમાતાને જ આપ્યો અને પહેલા વંદન કૈકેયી માતાને કર્યું. માટે આપણે પણ આ વાત સમજવા જેવી ખરી.

સત્સંગ સમાચાર

શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતી ઉજવાઇ

સર્વોપરિ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પ્રસાદીના અલૌકિક સભા મંડપમાં વક્તા સંત શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસજીએ શ્રી સ્વામિનારાયણ ભગવાન લિખિત સંપ્રદાયના મહાન અલૌકિક ગ્રંથ શિક્ષાપત્રીનું વાંચન વસંત પંચમીના શુભ દિને સુંદર રીતે કર્યું હતું. મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તોએ શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કરી પઠન કર્યું હતું.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ

સર્વોપરિ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ દિવ્ય સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી તથા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા ના માજી મહંતશ્રી) તથા મહંત સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસમાં શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે તા. ૮-૧-૨૦૦૭ થી ૧૪-૧-૨૦૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ પ.ભ. પુષ્પાબહેન અરૂણભાઈ પટેલ (વહેલાલવાળા) (હાલ યુ.એસ.એ.) (પ.ભ. રમણભાઈ જેઠાભાઈ પટેલ અસલાલીવાળાના પુત્રી) તરફથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે અને સહિંતાપાઠમાં શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજી (કોટે. ગુરુકુળ) બિરાજ્યા હતા. કથાનો દિવ્ય અલૌકિક લાભ લઈ હરિભક્તો પણ ધન્ય ધન્ય બન્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. યજમાન પરિવારે પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ મહંત સ્વામી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંતોએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. સભાસંચાલન નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું.

(બ્ર. રાજેશ્વરાનંદ - જે.પી. સ્વામી)

જેતલપુર મંદિરમાં ધનુર્માસ ધૂન

દિવ્ય અલૌકિક મહાપ્રતાપી સંકલ્પ મૂર્તિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજ્ય મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી અને સ.ગુ. મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસમાં શ્રીહરિનામ સ્મરણ ધૂન સતત એક માસ પર્યન્ત સંપન્ન થઈ હતી. જેમાં પાઠશાળાના સંતો સહિત હરિભક્તોએ પણ મોટી સંખ્યામાં ધૂનમાં લાભ લીધો હતો.

(પૂજારી વ્રજવલ્લભદાસ)

નારાયણઘાટ મંદિરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તીર્થોત્તમ પવિત્ર દિવ્ય ભૂમિ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૬-૧-૨૦૦૭ના શુભ દિને સાંજે ૫-૦૦ કલાકે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવનો અલૌકિક વધાર કરી ઉજવ્યો હતો. આ પ્રસંગે કથા-વાર્તા કીર્તન ભક્તિ આદિ કાર્યક્રમ સંતો અને હરિભક્તો દ્વારા થયા હતા. પૂ. લાલજી મહારાજશ્રીએ સભામાં અલૌકિક આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અનેક હરિભક્તોએ વિવિધ સેવામાં યજમાન બની લાભ લીધો હતો. શાકોત્સવનો લાભ ૧૫૦૦૦ જેટલા ભાવિકોએ લઈને ધન્ય બન્યા હતા.

(પૂજારી બાલુ સ્વામી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨૩)

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે.-૨૩) માં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી સદ્‌ભાવના મહોત્સવ અનેરા ઉત્સાહથી ઉજવાયો. આ પ્રસંગે ગાંધીનગરની અંધજન શાળા, મુકબધિરશાળા તેમજ સિવિલ હોસ્પિટલમાં અલ્પાહાર, ફૂટ, બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે વિશાળ નિરાયમ રેલીનું આયોજન કર્યું હતું. જેમાં ૩૦૦ જેટલા વાહનો, શણગારેલા ટેબલો અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે હરિભક્તો આખા શહેરમાં ફર્યા હતા. જનમંગલ હોમાત્મક મહાપૂજા અને શાકોત્સવના

આયોજનમાં હરિભક્તોએ વિશાળ સંખ્યામાં લાભ લીધો હતો.

આ પ્રસંગે તા. ૧૧-૧-૦૭ ના રોજ ધનુર્માસની વહેલી સવારે ૬-૧૫ કલાકે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મંદિરમાં પધાર્યા ત્યારે ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ સભામાં કથા શ્રવણ કરાવ્યું હતું. સ્વામીના શિષ્ય શાસ્ત્રી હરિપ્રિયદાસ અને સાધુ શ્રીરંગદાસે પૂ.મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા.

યજમાનો શ્રી પસાભાઈ એમ. પટેલ, રતનસિંહજી વાઘેલા, મફતભાઈ સંઘવી, શિવાભાઈ પટેલ અને લક્ષ્મણભાઈ પટેલે આરતી પૂજન કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે કથા વાર્તાથી જ જીવમાં રૂડા ગુણો આવે છે. આવી કથાનો સુંદર લ્હાવો આપનાર શાસ્ત્રી સ્વામી તમને મળ્યા છે તેથી તમે સૌ ભાગ્યશાળી છો. જેટલો વધુ લાભ લેવાય તેટલો લઈ લેવો. અહીંનું શિસ્ત અને વ્યવસ્થિત આયોજન જોઈ. પૂ. મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થયા હતા.

(બાબુભાઈ જે. પટેલ)

એપ્રોચ (બાપુનગર) મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં પ્રાતઃ ધૂન, ૧ કલાક કથા વાર્તા, આખા માસ અને દૈનિક ધૂનમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધેલ. તા. ૭-૧-૦૭ના શાકોત્સવ પ્રસંગે પૂજારી સ્વામી ભક્તિનંદનદાસે શ્રી ઘનશ્યામમહારાજને આબેહૂબ શાકોત્સવના શણગારના દર્શન કરાવ્યા હતા.

શાકોત્સવના યજમાનપદે પ.ભ. લાડુબેન હરજીભાઈ માણીયા પરિવારે લાભ લીધેલ. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં શાકોત્સવને માણ્યો.

(ગોરધનભાઈ સીતાપરા)

ઈડર પ્રદેશમાં ધૂન-શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ઈડરના મહંત સ્વા. જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં ધનુર્માસમાં પ્રાતઃધૂનમાં અનેક હરિભક્તોએ લાભ લીધેલ.

તા. ૭-૧-૦૭ના ઉમેદગઢ ગામે સુંદર શાકોત્સવ ઉજવાયો. એજ દિવસે અરોડામાં પણ શાકોત્સવ ધામધુમથી ઉજવાયો. બન્ને સ્થળે ઈડરના મહંત સ્વામી, મહુન્દ્રાના સ્વામી તથા હિંમતનગરથી સંતોએ કથા-વાર્તાનો લાભ આપેલ. બહેનો અને ભાઈઓની સેવા પ્રેરણા રૂપ હતી.

(કોઠારી સત્યસંકલ્પદાસ)

ધનુર્માસમાં નારણપુરા મંદિરથી કાલુપુર મંદિર પદયાત્રા

અમદાવાદના પોશ વિસ્તાર નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરથી ધનુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી હજારો ભાવિક ભક્તો સાથે તા. ૭-૧-૨૦૦૭ના રોજ નારણપુરા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા યોજવામાં આવી હતી.

(ઘનશ્યામભાઈ પટેલ)

ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી નરનારાયણદેવ તાબાના નવ નિર્મિત પૂર્ણ થઈ રહેલા ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હરિભક્તો સાથે મળી સત્સંગનું વિશેષ પોષણ મળે તેવી સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે. ધનુર્માસમાં નિત્યે પ્રાતઃ શ્રીહરિ નામ સ્મરણ ધૂન-કથા-વાર્તા થતી હતી. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ પધારીને કથાનો સુંદર લાભ આપેલ. ધનુર્માસમાં સેંકડો હરિભક્તોએ ધૂનમાં યજમાન બની લાભ લીધો હતો.

તા. ૨૨-૨-૦૭ થી ૨૬-૨-૦૭ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધુમથી સંપન્ન થશે. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગમાં અનેક ભક્તજનોએ સેવા લખાવીને યજમાન બન્યા હતા.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

હર્ષદ કોલોની શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈ અને શ્રી વાડીભાઈની પ્રેરણાથી ધનુર્માસમાં ધૂન અને કથાવાર્તાનું આયોજન કર્યું હતું.

તા. ૩૧-૧૨-૦૬ ના રોજ સવારે ૯ થી બપોરના ૧૨ સુધી મહામંત્ર ધૂન થઈ હતી.

ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે એપ્રોચ

મંદિરથી મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજી, શ્રીજી સ્વામી અને સંત સ્વામી (જોમસોમ-પોખરાના મહંત) આદિ સંતોએ પધારીને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

કાલીયાણા (વિરમગામ) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર)ની પ્રેરણા થી હરિભક્તો ખૂબજ રસ લઈ સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરે છે. પોષ વદ-૧૨ ના પ.ભ. નારણભાઈ પરમાભાઈ તથા પ.ભ. રામાભાઈ તરફથી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવેલ. ગામના દરેક ભક્તજનોએ ધૂનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. *(ડાહ્યાભાઈ બૂટીયા)*

વિરમગામ શ્રી સ્વામિનારાયણમંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૧-૧૨-૨૦૦૬ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. હજારો શ્રધ્ધાળુ ભાવિકોએ શાકોત્સવને માણ્યો અને દર્શન પ્રસાદ લઈ ભાગ્યશાળી બન્યા.

બહેનોના મંદિરમાં "શ્રીભક્ત ચિંતામણી' પંચાન્હ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને દર્શન-આશીર્વાદનો લાભ આપેલ. *(અવની એન. ઠક્કર)*

નારાયણપુરા (કડી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી પ.ભ. કાંતિભાઈ નથુદાસ પટેલ તરફથી તેમના માતુશ્રી અ.નિ. મણીબાના સ્મરણાર્થે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની ધૂનનું આયોજન કરેલ. જેમાં આજુબાજુના ગામો અને ખાખરિયા વિસ્તારના હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ પધારીને યજમાન પરિવાર અને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હિંમતનગરના મહંત સ્વામી શા. આનંદજીવનદાસજીએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. *(પૂજારી ધર્મકિશોરદાસ)*

નળ કાંઠાના શિયાળ ગામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

નળકાંઠના બાવળા તાલુકાના અંતરિયાળ વિસ્તારના શિયાળ ગામમાં તા. ૧૨-૧-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંતો અને ગ્રામજનોએ ઉમળકા ભર્યું સ્વાગત કર્યું હતું. મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) એ જણાવ્યું કે અહીંયા જે ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અલૌકિક ચરણારવિંદ છે તેમાં ૧૬ ચિન્હના આજે પણ સ્પષ્ટ દર્શન થાય છે.

સ્વામિનારાયણ ભગવાન એકવાર બળોલથી શિયાળ પધાર્યા ત્યારે અહીંના તળાવના કાંઠા ઉપર ખીજડો છે તેના ઉપર ચડીને તળાવમાં ભૂસકો મારીને સ્નાન કરેલું. અને ત્યારે શ્રીહરિએ કહેલું આ ખીજડો મારી માણકી ઘોડી છે. આ દિવ્ય પ્રસાદીના સ્થળે છત્રી બનાવી ચરણારવિંદ પધરાવ્યા છે. ગામમાં રત્ના ભગત (કુંભાર) ને ત્યાં રાત્રે મહારાજે ઉતારો કરેલો. ખૂબજ પ્રસન્ન થઈને ભગવાને તેમના સંકલ્પથી ખેસ અને વેજીના કાપડ ઉપર કુમકુમ ચરણારવિંદ પાડી આપેલાં. જે તેમણે પોતાના જીવન પર્યન્ત પૂજામાં રાખી સેવા કરેલી. જે હાલ મંદિરમાં પૂજામાં હયાત છે. પ્રસાદીનું ઘર કુંભાર કાનજીભાઈ રામાભાઈનું છે.

એક સમયે રત્ના ભગત ખેતરમાં મજુરી કરતા હતા ત્યારે રાજા માટે પાણી મંગાવતા તેઓ ઘરે પાણીની માટલી લેવા આવેલ. ત્યારે તેમને ત્યાં સતો પધારેલા તેથી ખૂબજ ભાવ પ્રેમથી સંતોની સેવામાં રોકાયા. એકતરફ રાજાની સેવાનો હુકમ તેથી તેમના માથે ધર્મ સંકટ આવ્યું. તળાવમાં વિરડીનું પાણી ભરીને રાજાના ઉતારે પહોંચ્યા ત્યાં આશ્ચર્ય સાથે રાજાએ ભગતના માથા ઉપર એક ગજુ માટલી ઉંચી જોઈ અને તેમના પર પ્રસન્ન થઈ તેમને વેઠમાંથી મુક્ત કરી દીધા.

બીજીવાર શ્રીહરિ ત્યાં પધાર્યા (તેમના બીજા જન્મ વણિક માધવ શેઠના નામથી) ત્યાં ૫૦૦ પરમહંસો સાથે સભા કરીને તેમને ખૂબજ સુખ આપ્યું. શેઠે ભાવમાં ને ભાવમાં શીરા માટે દળેલી ખાંડને બદલે મીઠું આપી દીધેલું. જે મીઠાનો શીરો સંતો અને ભગવાન જમી ગયા. આ દિવ્ય સ્થળે પથ્થરનો શિલાલેખ છે ત્યાં છત્રી બનાવી ચરણારવિંદ પધરાવ્યા છે. અને ત્યાં બહેનોનું મંદિર હાલ છે.

તા. ૧૪-૧-૨૦૦૭ ઉત્તરાયણના દિવસે અત્રેના મંદિરમાં પૂ. પી.પી. સ્વામી અને સંત મંડળે શાકોત્સવ કરેલ. સાથે પ.ભ. ચિમનભાઈ પટેલે (ભાત ગામવાળા) પણ લાભ લીધેલ. પૂ.પી.પી. સ્વામીએ ઉત્સવનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને ઘરોઘર ભક્તોના ઘરે પધરામણી કરીને ઘરને તીર્થરૂપ બનાવી સૌને રૂડા આશીર્વાદ આપી શિયાળ ગામ ઉપર ખૂબજ રાજી થયા હતા.

(સાધુ ભક્તિનંદનદાસ)

પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી જમીયતપુરા શ્રી પ્રભુ હનુમાનજી ખાતે પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૩-૧૨-૦૬ થી ૨૫-૧૨-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રીમારુતિ યજ્ઞનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫-૧૨-૦૬ના દિવ્ય શાકોત્સવ ધામધુમથી ઉજવાયો. આ પ્રસંગે દર્શનાર્થીઓએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને કથા-વાર્તા-દર્શન અને શાકોત્સવને માણ્યો.

(સાધુ ભક્તિકેશવદાસ)

મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિના પ્રસાદીના મોટેરા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૮-૧૨-૦૬ થી તા. ૭-૧-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ તથા શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ.

શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ સુંદર મધુર કંઠે સંગીત સાથે કથામૃત પાન કરાવ્યું. જેના યજમાન પ.ભ. શંકરભાઈ ફુલાભાઈ પટેલ તથા પ.ભ. જસવંતભાઈ ફુલાભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સેવામાં અગ્રેસર હતું. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. જેમના દર્શન આશીર્વાદ લઈ બહેનો ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન નાના પી.પી. સ્વામીએ કર્યું હતું. *(શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

ઘમાસણા ગામે શાકોત્સવ

અત્રે ઘમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૧-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ ધામધુમથી ઉજવાયો. પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે આ ગામે શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા જાળવી રાખી છે. બીજા કોઈ મતપંથીને હૃદયમાં કે ગામમાં સ્થાન આપ્યું નથી. એજ આ ગામનું ગૌરવ છે. આમ કહી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (માજી મહંત છપૈયા) સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી (કાંકરિયા), શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી આદિ સંતોએ કથા-વાર્તાનો લાભ આપેલ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સભા સંચાલન સંભાળ્યું હતું. *(સ્વામી જયપ્રકાશદાસ ગુરુ શા.સ્વામી હરિકૃષ્ણદાસજી)*

નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૭-૧-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્વયં શાકનો અદ્ભુત વઘાર કરીને ભવ્ય શાકોત્સવ કરી અલૌકિક લાભ આપેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભામાં આશીર્વાદ આપતા કહ્યું કે શ્રીજી મહારાજે લોયામાં જે શાકોત્સવ કરેલ તેની દિવ્ય સુગંધથી પ્રેરાઈને દેવો પણ આકાશ માર્ગેથી ધરતી ઉપર સર્વોપરિ ઈષ્ટદેવના દર્શન કરવા આવેલા. જે દેવોને દુર્લભ દર્શન શ્રીહરિએ હરિભક્તોને સુલભ કરાવ્યા. આમ કહી સુંદર આશીર્વચન પાઠવ્યા.

શાકોત્સવના યજમાન પદનો લાભ પ.ભ. વાલજીભાઈ ધરમશીભાઈ ગાંગાણી પરિવાર (માણામોરા) તથા કિષ્ણા મેડીકલ સ્ટોર્સ અને રાધે મેડીકલ સ્ટોર્સ વાળાએ સેવાનો લાભ લીધો હતો.

(શંભુભાઈ પટેલ)

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસમાં વહેલી સવારે નાના બાળકથી લઈ વૃધ્ધો સહિત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં કથા-વાર્તામાં લાભ લેવા અચૂક આવતા હતા. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસે સવારે વિદુરનિતી અને રાત્રે ભાગવત કથામૃત પાન કરાવેલ. તા. ૩૧-૧૨-૦૬ના રવિવારના ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. બોપલ મંદિરથી અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

દર એકાદશીના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જુદાં જુદાં હરિભક્તોને ત્યાં સત્સંગ સભાનું આયોજન કરે છે. અને ભક્તિ મહિલા મંડળ બપોરે ૩ થી ૫ મંદિરમાં ધૂન-કીર્તન કથા કરે છે. દર

રવિવારે સાંજે ૫-૩૦ થી ૭-૩૦ સત્સંગ સભા થાય છે. જેમાં વિદ્વાન સંતો કથા-વાર્તાનો લાભ આપે છે.

પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) પ.ભ. કોઠારી અમૃતભાઈ ટી. પટેલ આદિ અગ્રગણ્ય હરિભક્તોની ઉપસ્થિતિમાં ધનુર્માસ તથા શાકોત્સવ ઉજવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશિષથી દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાય છે. હરિભક્તો પણ મોટી સંખ્યામાં દર્શને આવે છે. *(પ્રવિણચંદ્ર ઉપાધ્યાય)*

ચલોડા (જીતબાનું)
શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અત્રે ચલોડા મંદિરમાં ધનુર્માસમાં પ્રાતઃ મહામંત્ર ધુન ૧ કલાક પર્યન્ત કરવામાં આવી હતી. અમદાવાદમાં રહેતા ભક્તો અત્રે ધનુર્માસમાં લાભ લેવા ગામમાં વહેલા આવતા. ધોળકા મંદિરથી સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજીએ સંત મંડળ સાથે અત્રે ગામમાં પધારીને લાભ આપેલ. *(જયંતીભાઈ પટેલ)*

નવા વણઝર (સરખેજ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૧૨-૦૬ના રોજ શાકોત્સવનું આયોજન કરેલ. આ પ્રસંગે સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ કથા-વાર્તા નો લાભ આપેલ. શાકોત્સવના યજમાનનો શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી પ્રકાશભાઈ ઠક્કર અને શ્રીનિતીનભાઈ આદિ હરિભક્તોએ લાભ લીધેલ. હરિભક્તોએ દર્શન કરી અલૌકિક શાકોત્સવને માણ્યો હતો.

(કોઠારી રમણભાઈ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

સર્વોપરિ તીર્થધામ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના મૂળી ધામમાં સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ધનુર્માસમાં ૧૬ ડિસે. થી ૧૪ જાન્યુઆરી પર્યન્ત બ્રહ્માનંદ સભા મંડપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું ભવ્ય આયોજન સંપન્ન થયું. વહેલી સવારમાં સભામાં સંતો હરિભક્તો ધૂનમાં પધારીને મહામંત્રનું ગાન કરતા. રોજે રોજ ધૂનમાં વિવિધ પ્રસાદનું વિતરણ થતું. મહંત શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી અને કોઠારી જે.પી. સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી. સભા સંચાલન ભરત ભગતે સંભાળ્યું હતું. ૭૦૦ જેટલા સંત-હરિભક્તો રોજે ધૂનમાં લાભ લેવા પધારતા હતા.

(નવલદાનભાઈ ગઢવી)

મૂળી મંદિરમાં વસંત પંચમીનો સમૈયો

સર્વોપરિ તીર્થધામ - ઝાલાવાડ - હાલાર પ્રદેશના હાર્દ સમા મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવના દિવ્ય સાનિધ્યમાં અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વસંત પંચમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો.

સવારના બ્રાહ્મ મુહૂર્તમાં પ.પૂ. મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ, હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ - મહાભિષેક ષોડશોપચાર વિધિથી ધામધુમથી સંપન્ન થયો. આ પ્રસંગના અલૌકિક દર્શન ૨૦,૦૦૦ ભક્તોએ કરીને જીવનને સફળ બનાવ્યું. પ્રાસંગિક સભામાં મહંત શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજીના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, શા. ભક્તિકેશવદાસ, સાધુ પૂર્ણપ્રકાશદાસ આદિ ઘણા વિદ્વાન સંતો અને હરિભક્તોએ ઝાલાવાડના મૂળી પ્રદેશના હરિભક્તોને શુદ્ધ અને સચોટ જ્ઞાનનું અનુપમ ભાથું સતત ત્રણ દિવસ લગી પિરસ્યું. અને જ્યારે હજારો મુમુક્ષઓની સભામાં શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ એવા રૂડા મંગળ દિવ્ય આશીર્વાદ આપ્યા કે જીવ સોંસરા ઉતરી ગયા. આજે હરિભક્તો-સંતોને ખૂબજ તાન હતું. કારણ પૂ. મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ અદ્‌ભુત દર્શન સાથે રંગોત્સવ-વસંતોત્સવમાં પણ પોતાના ભક્તોને કેસૂડાના અલૌકિક રંગથી ભીંજવીને કલ્યાણના કરતાલે સૌને મોક્ષભાગી બનાવી દીધા. આ સમૈયો ખરેખર અદ્‌ભુત અને દિવ્ય હતો. મંદિરના કોઠારી જે.પી. સ્વામી અને સંત-મંડળની વ્યવસ્થા પણ ખૂબજ સુંદર હતી. *(ભરત ભગત)*

વાલી (રાજ.) મંદિરમાં મહામંત્ર ધૂન

અત્રે રાજસ્થાન વાલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવના શુભ સાનિધ્યમાં પોષ વદ-૧૧ ના વાલી અને આજુબાજુના ગ્રામજનોએ બીલીયાના સ્વામી ઘનશ્યામજીવનદાજીના સ્મરણાર્થે ૪ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. સ્વામી હરિપ્રસાદદાસજી અને સ્વામી વિજયપ્રકાશદાસજીએ

સુંદર આયોજન કર્યું હતું.

વાલી મંદિરનો નવો
ફોન : (૦૨૯૬૯) ૨૯૧૧૩૮

ઘ્રાંગધ્રા

અત્રે સંસ્કારધામ ગુરુકુળ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૩૧-૧૨-૦૬ના ભવ્ય શાકોત્સવ ઉજવાયો. હજારો ભક્તોએ લાભ લીધો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વિદેશથી ફોન દ્વારા સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામી રામકૃષ્ણદાસજી અને સંત મંડળે કથા-વાર્તાનો સુંદર લાભ આપેલ.

(અનીલભાઈ દુધરેજીયા)

હળવદ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૦-૧-૦૭ના ભવ્ય શાકોત્સવ અને ત્રૈમાસિક સત્સંગ સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે સ.ગુ. ભક્તિહરિ સ્વામી અને કોઠારી કૃષ્ણવલ્લભ સ્વામીએ સૌ હરિભક્તોને કથા-વાર્તાનો લાભ આપેલ. સમગ્ર આયોજન શ્રીજીસ્વરૂપ સ્વામીએ કર્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(રમેશ તારબુંદિયા)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (U.S.A.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે બહેનોને માટે સોનાનો દિવસ હતો. પ.પૂ.મોટા ગાદીવાળાશ્રી મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. મૂર્તિ પ્રતિષ્ઠા બાદ સૌ પ્રથમ પધાર્યા હોવાથી (I.S.S.O.) ના દરેક ચેપ્ટરોમાંથી બહેનો દર્શનાર્થે ઉમટ્યા હતા. વિશાળ સત્સંગ સભામાં બહેનોએ મોટાગાદીવાળાશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. મોટા ગાદીવાળાશ્રીએ દરેક બહેનોને ખબર-અંતર પૂછીને સત્સંગ સભામાં લાભ લેવા અને નિયમિત મંદિરમાં દર્શને આવવા ખાસ આજ્ઞા કરી હતી. આપણી 'સેવા' સંસ્થામાં મેડીકલમાં સેવા કરનાર બહેનોનું સન્માન કરી આશીર્વાદ આપી તેમને ખૂબજ પ્રોત્સાહિત કર્યા હતા. ભાઈઓની સભામાં મહંત સ્વામીએ પણ ખૂબજ મનનીય પ્રવન કરીને દ્રષ્ટાંત સહિત શ્રીહરિનો મહિમા કહ્યો હતો. સેવા કરનાર ભક્તોનું અભિવાદન ભક્તિકિશોર સ્વામીએ કર્યું હતું.

નવા વર્ષ નિમિત્તે આયોજીત સત્સંગ સભામાં શા. સ્વામી સત્યપ્રકાશદાસજી એ કથાવાર્તા અને કીર્તન ભક્તિ કરીને સૌને સત્સંગ કરવાથી જે લાભ-પ્રાપ્તિ મળે છે તે અન્યથા મળતા નથી. તેમ કહી સુંદર દ્રષ્ટાંત સાથે વાતો કરી હતી. મહિનાનો છેલ્લો દિવસ હોવાથી સિનીયર સીટીઝન ભાઈઓ પ્રથમવાર દર્શને આવતા તેમને મંદિર માટે અદ્‌ભુત - દિવ્ય અનુભૂતિ થઈ. આપણી સેવા સંસ્થાના ડોકટરોએ તેમને વિના મૂલ્યે મેડીકલ ચેકઅપ કરીને સુંદર સેવા કરી હતી. યજમાન પરિવાર અને વડીલોનું સન્માન કરી સ્વામીએ સૌનો આભાર માન્યા હતો. ભક્તિ સ્વામીએ ઠાકોરજીને સુંદર શણગાર ધરાવી દર્શન કરાવ્યા હતા. પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની
(I.S.S.O. ઓસ્ટ્રેલીયા ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે સીડની મંદિરમાં સત્સંગ સભાનું આયોજન નીચેના હરિભક્તો તરફથી કરવામાં આવ્યું હતું. તા. ૫-૧૧-૦૬ પ.ભ. અરનવ જોશી તા. ૧૨-૧૧-૦૬ ના રોજ મંદિરમાં સૌ પ્રથમ તુલસી વિવાહનું આયોજન પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણી તથા પ.ભ. તુષારભાઈ ભટ્ટ તરફથી કરવામાં આવેલ, તા. ૨૫-૧૧-૦૬ પ.ભ. સુનીલભાઈ દરજી તથા પ.ભ. પરેશભાઈ જુટ્ટાણી, તા. ૩-૧૨-૦૬ના રોજ પ.ભ. અંજલેશભાઈ એ શિક્ષાપત્રી તથા વચનામૃતનું વાચન કર્યું હતું. તેઓ આજની સભામાં યજમાન રહ્યા હતા, તા. ૧૦-૧૨-૦૬ પ.ભ. વિશાલભાઈ પટેલ, તા. ૧૭-૧૨-૦૬ પ.ભ. અમિતભાઈ ક્ષત્રિય તરફથી સભા થઈ હતી. બીજો વાર્ષિક પાટોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. શ્રીહરિકૃષ્ણ મહારાજનો વિધિવત અભિષેક કરી સૌને દર્શનનો લાભ આપ્યો હતો. પ.ભ. અમૃતદાદાએ પાટોત્સવનું માહાત્મય સમજાવ્યું હતું. સભામાં હરિભક્તોએ કથા-વાર્તા અને નંદ સંતો રચિત કીર્તન ભક્તિ-નિત્ય નિયમ આરતી કર્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. સચિનભાઈ પટેલ રહ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશિષથી સત્સંગની પ્રવૃત્તિ સારી ચાલે છે.

(તેજશ પટેલ)

અમદાવાદના વારસાની ગૌરવયાત્રા

શ્રીહરિચરણ અનુસરણ ઓચ્છવ

- જી.એમ. હીરાગર, એમ.એ. પૂર્વ માહિતી અને પ્રકાશન અધિકારી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આપેલું "સંભવામિ યુગેયુગે" વચન પોતે પ્રત્યેક યુગાંતરે જૂજવા રૂપે અને નોખા નિમિત્તે અવતાર ધારણ કરીને સત્ય, સાર્થ કરે છે. ઈ.સ. ૧૭૮૧ સં. ૧૮૩૭ ના ચૈત્ર સુદિ નવમી - રામનવમીના દિવસે અયોધ્યા પાસેના ગોંડા જિલ્લાના છપૈયા ગામમાં ધર્મપિતા અને ભક્તિમાતા થકી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્યરૂપે પ્રગટ થયા ત્યારથી ઈ.સ. ૧૮૩૦ સં. ૧૮૮૬ ની જેઠ સુદિ દશમના દિવસે પોતાની મનુષ્ય લીલા સંકેલી લીધી ત્યાં સુધીનો અડધી સદીનો સમય ભારતના ઈતિહાસની શકવર્તી અલૌકિક ઘટનાછે. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા શ્રીમદ્ ભગવતમાં "... આસુરી સંપત્તિનો-અધર્મનો નાશ કરવા માટે અને સત્પુરૂષો અને ધર્મનું રક્ષણ કરવા માટે હું બીજો અવતાર લઈશ" પુનઃ કથિત સંકલ્પને શ્રી સહજાનંદ સ્વામીએ પૂર્ણ કર્યો તે આ ઐતિહાસિક સમયનું અમદાવાદ માટે તો વિશેષ માહાત્મ્ય છે, કેમ કે પોતાના અવતારી કર્મ નિમિત્તે તેઓ આ શહેરમાં ૨૬ વાર પધાર્યા, નગરના ચૌક-ચૌટા-શેરીઓમાં વિચર્યા અને અસંખ્ય નગરજનો ઉપર અસીમ પ્રેમવર્ષા કરી.

શ્રી સહજાનંદ સ્વામી ઈ.સ. ૧૭૯૯ સં. ૧૮૫૫ ના અરસામાં વનવિચરણ પછી 'નીલકંઠવર્ણી' તરીકે તપસ્વીના વેશે પહેલી વખત અમદાવાદમાં આવ્યા. અનેક પ્રકારના ખીલેલા કમળોથી શોભાયમાન અને સુગંધીદાર વૃક્ષોથી આચ્છાદિત કાંકરિયા તળવામાં સ્નાન અને એની પાળે નિત્યવિધિ અને નગીનાવાડીમાં જઈ એકાંત સેવી થોડા દિવસ પછી તેમણે આગળ પ્રસ્થાન કર્યું. ગુજરાતભરમાં ધર્મોધ્ધાર અર્થે ઈ.સ. ૧૮૨૨ સં. ૧૮૭૮ સુધીના પરિભ્રમણ દરમ્યાન તેઓ ૨૦ વાર ત્યારપથી ૬ વાર કુલ ૨૬ વાર અમદાવાદ પધાર્યા. દરેક મુલાકાતમાં અમદાવાદ પ્રત્યે એમનાં પ્રેમ અને કરુણા વધતા ગયા અને આ શહેરના અનેક સ્થળો અને અસંખ્ય લોકોને આત્મીયતાના સૂત્રમાં બાંધતા રહ્યા.

અમદાવાદને ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મકર્મભૂમિ કહેવામાં અતિશયોક્તિ નથી. શ્રી ભૂમાનંદ સ્વામીએ ગાયુ છે કે,

"શંખ ચક્ર ગદા પદ્મ રે,
હરિકૃષ્ણ લખી નિજનામ,
સાબરમતી તીરે સોહામણું રે,
શ્રીનગર કર્યું નિજધામ,
છાપ આપી અવધપ્રસાદને રે."

આ શહેરમાં શ્રીહરિએ કાંકરિયા તલાવ, ચંડોળા તળાવ તથા સાબરમતી તટના નારાયણઘાટ, ભીમનાથ, કોટેશ્વર, દૂધેશ્વર, સપ્તર્ષિના આરે સ્નાન અને વિશ્રામની મોજ માણી છે. હાટકેશ્વર મહાદેવ-ખાડીયા, શ્વેતકૃષ્ણ મંદિર-ભદ્ર, રામજી મંદિર-કાલુપુર, નીલકંઠ મહાદેવ-અસારવા, કોટેશ્વર મહાદેવ-મોટેરા જેવા ધર્મસ્થાનોએ તીર્થટન કર્યું છે, માણકી ઘોડી પર અસવાર થઈ જમાલપુર, રાયપુર, દરિયાપુર, ખાનપુર, આસ્ટોડીયા દરવાજેથી પ્રવેશીને શહેરના જુદાજુદા વિસ્તારોમાં હરિભક્તોના નિવાસ સ્થાને જઈ પગલાં પાડ્યા છે અને શ્રધ્ધાળુઓને દર્શન લાભ આપ્યો છે. આ નગરમાં નિજ મંદિરના પ્રાંગણમાં ભક્તો સાથે જન્માષ્ટમી, હોળી, રંગપંચમી અને ફુલદોલના ઉત્સવોના રંગ ખેલ્યા છે. નગરશ્રેષ્ઠીઓ અને સામાન્યજનોને એક સમાન આટલો ભરપૂર પ્રેમ શ્રીહરિનો સાંપડ્યો હોય એવું એકમાત્ર સદ્‌ભાગી અમદાવાદ શહેર છે.

શ્રીહરિએ પોતાના ત્રણ ગૂઢ સંકલ્પો પૈકી મહામંદિરો કરવાના સંકલ્પની શુભ શરૂઆત કરવા અમદાવાદને પસંદ કર્યું. કાલુપુરમાં બંધાવેલા સંપ્રદાયના વિશ્વમાં સૌ પ્રથમ મંદિરમાં પોતાના શ્રીહરિકૃષ્ણ સ્વરૂપ સહિત ભગવાન શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા તેમણે ઈ.સ. ૧૮૨૨ સં. ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના દિવસે સ્વહસ્તે કરી. આ સંકલ્પ પૂર્તિ અંગે એમણે સ્વયં એટલી બધી કાળજી લીધી કે દેશેદેશ મોકલેલી કંકોત્રીના આમંત્રણથી આવનારા હજારો હરિભક્તોને ઉતારાની કે જમવાની કોઈ અગવડ ન પડે. તેથી પ્રંસગના અગાઉ થોડા દિવસ મહા વદી એકાદશીના દિવસે ગઢપુરથી પોતાની સાથે આવેલા સર્વ સંઘને જેતલપુરમાં રાખી શ્રીનગર અમદાવાદમાં સારું ઉતારાનું સ્થળ જોવા ૬૦ ઘોડેસવારો અને પાર્ષદો સાથે

રંગોત્સવ

શ્રી નરનારાયણદેવની જન્મ જયંતિ ફાગણ વદ-૧ તા. ૫-૩-૨૦૦૭ ને સોમવારે મંદિરના ચોકમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રી સાથે રંગરમવા સમગ્ર સત્સંગને જાહેર આમંત્રણ.

જમાલપુર દરવાજેથી શહેરમાં પધાર્યા. શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ માંડવીની પોળ થઈ ચાલ્યા તે માણેક ચોકથી ઉત્તર દિશામાં દિલ્હી દરવાજે થઈ સાબરમતીના કિનારે થઈ શાહીબાગ સુધીના સ્થળો જોયા. તે વખતના અંગ્રેજ કલેકટર ડનલોપ શાહીબાગમાં રહેતા હતા. તેમણે શાહી વાડીમાં રોકાવા કહ્યું. પરંતુ તેનો સાભાર અસ્વીકાર કરી તેઓ શહેરના કોટની પૂર્વ તરફ ચાલી જગ્યાઓ જોતાં જોતાં કાંકરિયા આવ્યા. આખા શહેરની પરિક્રમા જેટલો પરિશ્રમ કર્યા પછી તળાવની પાસે આંબા અને આંબલિયોના વૃક્ષોના ખેતરોમાં ઉતારો કરાવવાનું નક્કી કરી તેઓ જેતપુર પાછા ફર્યા અને એકાદશીની રાત્રિ ત્યાં રહ્યા.

૧૮૫ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કાલુપુરમાં સ્વનિર્મિત મંદિરમાં દિવ્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવા અગાઉથી ઈ.સ. ૧૮૨૨ સ. ૧૮૭૮ મહા વદી બારસના દિવસે અમદાવાદમાં કલ્પનાતીત દબદબાપૂર્વક પ્રવેશ્યા તે પ્રસંગે નીકળેલો ભવ્ય વરઘોડો એક યાદગાર નગર ઉત્સવ હતો. આ દિવસે વહેલી સવારે જેતલપુરથી આવી બધા સંઘને કાંકરિયા મુકામ કરાવ્યા પછી આયોજન પ્રમાણે શ્રીહરિ સવારી સાથે રાયપુર દરવાજે આવી ઉભા રહ્યા. ત્યાંથી નીકળેલી નગરયાત્રા-વરઘોડાનું વર્ણન સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ "અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ" પુસ્તકમાં કર્યું છે જે આબેહૂબ દ્રશ્ય ખડું કરે છે :

"શહેરના હરિભક્તો તથા આગેવાન નાગરિકો ઢોલ, ત્રાંસા, વાજાં, અંગ્રેજી બેન્ડ વાજાં, પડઘમ વગેરે વાજંત્રો વગાડતા, સંતો તથા વર્ણી વગેરેને સાથે લઈ મોટું સામૈયું લઈ શ્રીહરિની સન્મુખ આવ્યા અને હારો પહેરાવી દર્શન કર્યા પછી વાજતે ગાજતે શ્રીહરિની સવારી ચાલી.

"શ્રીજી માણકી ઘોડી ઉપર બિરાજ્યા હતા. ઘોડી સોનેરી સાજથી શણગારી હતી. શ્રીહરિએ સોનેરી કસુંબલ ફેંટો મસ્તકે બાંધ્યો હતો. છોગાની શોભા અનેરી હતી. પાઘમાં મોતીના સુંદર તોરા લટકી રહ્યા હતા તે જાણે મોતીનો વરસાદ વરસતો હોય તેમ દેખાતું હતું. સોનાના આભૂષણો પણ શોભી રહ્યા હતાં. પુષ્પના હારો પહેર્યા હતા તેથી શ્રીહરિની મૂર્તિ પૂનમના ચંદ્ર જેવી શોભતી હતી."

"એવી શોભાએ યુક્ત સવારી રાજબજારમાં આવી ત્યારે પુરના માણસો બજારમાં ઉભા રહી શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. પૃથ્વીતળથી તે દુકાનો, મકાનો, તેના સર્વ માળો, અગાસીઓ બાઈ-ભાઈથી ભરાઈ ગયા હતા. ભાવથી બધાં દર્શન કરતા હતા. બજારમાં તમામ દુકાનો ચિત્રવિચિત્ર રંગથી રંગી તોરણોથી શણગારી હતી. રાજબજારમાં ધૂળ ન ઊડે તેટલા માટે પાણી છંટાવી દીધું હતું. અને બેય તરફ કેળનાં વૃક્ષો રોપી દીધા હતા.

"આવી અનેકવિધ શોભાવાળા શહેરમાં સ્વારી ચાલતી હતી. સવારીની આગળ ઘોડા ઉપર ડંકો, નિશાન રહેલા હતા. તેમની પાછળ વિધવિધના વાજાં વાગતા હતા. વાજાંવાળાની પાછળ અપાર હરિભક્તો ચાલતા હતા. તેમની પાછળ સંતો, વર્ણીઓ ચાલતા હતા. બધા ઊંચા સ્વરે કીર્તનો બોલતા હતા. સંસ્કૃત ભણેલા સંતો વેદસ્તુતિ, ગોપીકાગીત, જુગલગીત, વેણુંગીત, ભમરગીત તથા સ્તુતિના શ્લોકો બોલતા હતા. તેમની પાછળ પાર્ષદો ખભે બંદૂક રાખીને ચાલતા હતા. તેમની પાછળ કનકની છડીઓ હાથમાં લઈ દસ-બાર ચોપદારો જયજયના પોકારો કરતા ચાલતા હતા. તેમની પછી અશ્વ ઉપર બેસીને શ્રીહરિ ચાલતા હતા. તેમની પાછળ અપાર નર-નારીઓ ચાલ્યા આવતા હતા. વાહનો પણ પાછળ આવતા હતા. શહેરના માણસો બજારમાં હારો પહેરાવી ફુલોથી વધાવતા હતા. ગુલાલ પણ ખૂબ ઉડતો હતો.

"રાયપુર દરવાજે શ્રીહરિનું સ્વાગત કરવા કલેકટર ડનલોપ તેમની પત્નિ સાથે ઘોડાગાડીમાં આવ્યા હતા. રાયપુરમાં નાગરોએ તેમનું સ્વાગત કર્યું હતું. માણેકચોક વટાવીને સવારી રતન પોળમાં નગરશેઠ હિમાશાની હવેલી પાસે આવી ત્યારે તેના ગોખમાં તેમના ઘરનાં બાઈઓ દર્શન કરવા ઉભા હતા. નગરશેઠના માતાએ શ્રીહરિને સોનાના ફૂલોથી વધાવેલા. ત્યાંથી નવા વાસની પાસે મંદિરના ચોકમાં શ્રીહરિ ઘોડા ઉપરથી ઉતર્યા."

શ્રીહરિના દિવ્ય દર્શનની આ ગૌરવપૂર્ણ ઐતિહાસિક શોભાયાત્રાનું સ્મરણ તાજું કરાવવા માટે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના હેરિટેજ એડવાઈઝર શ્રી દેબાશિષ નાયકની પ્રેરણા અને આયોજન સહાયથી શ્રી સ્વામિનારાયણમંદિર તરફથી તા. ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ સવારે ૬-૦૦ વાગે રાયપુરથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ભવ્ય શોભાયાત્રા-નગરનાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે શ્રીહરિની પ્રાચીન લીલાની અનુકૃતિરૂપ આ વરઘોડામાં વાજતેગાજતે હર્ષોલ્લાસથી સાથે જોડાવાના, ધર્મલાભ પામવાના અવસરનો લ્હાવો લઈએ, આ પરમ સુખદાયી ધન્ય ઘડી સંભારી ધન્ય થઈએ.

નોંધ : ભેટ યોજનાની યાદી આ અંકમાં સમાવિષ્ટ થઈ નથી આવતા અંકથી નિયમિત પ્રકાશીત થશે તેની નોંધ લેવી.

સૂચના

શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા નરસિંહ ટેકરીમાં રહેતા સાધુ ઘનશ્યામપ્રકાશદાસ તથા સાધુ દેવકીશોરદાસ સાધુ કપડા ઉતારીને સંપ્રદાય છોડી ચાલ્યા ગયા છે તો તેની સૌએ નોંધ લેવી.

- આજ્ઞાથી

૩૦૧-૦૦	શ્રી ઉર્મિબેન પ્રદિપરાય ગાંધી ચિ. કૃપાના લગ્ન પ્રસંગે	મુંબઈ
૧૫૦-૦૦	શ્રી કનુભાઈ કેશવલાલ પટેલ ચિ. એકતાના લગ્ન-જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ભુદરભાઈ વાલજીભાઈ તલસાણીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રુદ્રકુમાર સંદિપકુમાર જન્મદિન નિમિત્તે	ધાકડી (લંડન)
૧૦૧-૦૦	શ્રી ઈન્દુબેન મહેન્દ્રકુમાર પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હેમેન્દ્રકુમાર શાંતિલાલ સોની જન્મદિન પ્રસંગે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામ મહારાજ પ્રસન્નાર્થે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી હરિકૃષ્ણ ધરમસિંહ રાઠોડ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ લખુભાઈ પટેલ લખુદાદાની પુણ્ય તિથિ નિમિત્તે	હાથપાળીયા
૧૦૧-૦૦	શ્રી ઉર્વશીબેન પરેશભાઈ ભાવસાર ચિ. આરોહીના લગ્ન પ્રસંગે	નવાવાડજ
૧૦૧-૦૦	શ્રી તેજશકુમાર ભીખાભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ હીરાભાઈ અમીન જન્મદિન નિમિત્તે (૫૩ વર્ષ)	દહેગામ
૧૦૧-૦૦	શ્રી શોભનાબેન અરવિંદભાઈ અમીનના સુપુત્ર ચિ. વિરલના શુભ લગ્ન પ્રસંગે	દહેગામ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પોષ સુદ-૨ સાંખ્યોગી બહેનો (મહિલામંડળ). **પોષ સુદ-૪** પ.ભ. યોગેશકુમાર વાડીલાલ પટેલ (યુ.એસ.એ.). **પોષ સુદ-૫** પ.ભ. મણીભાઈ બાબુભાઈ, પ.ભ. શાંતાબેન મણીભાઈ (હ. બ્ર. રાજુ સ્વામી). **પોષ સુદ-૬** પ.ભ. રમીલાબેન વિનુભાઈ ગજ્જર, અમદાવાદ. **પોષ સુદ-૧૦** પ.ભ. અંબાલાલ હિરદાસ પટેલ. **પોષ સુદ-૧૨** પ.ભ. શાંતિલાલ સોની, ધંધુકા હ. નારાયણઘાટ મહંતશ્રી, બ્ર. રાજુ સ્વામી ● પ.ભ. દસરથભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) **પોષ સુદ-૧૩** પ.ભ. રસિકભાઈ એન. ગજ્જર.

પોષ વદ-૪ પ.ભ. કમળાબેન ચંદુલાલ ભાવસાર ● પ.ભ. દિલીપભાઈ શંભુભાઈ હ. શૈલેષભાઈ ● પ.ભ. ગોપાલદાસ ભોગીલાલ મોદી. **પોષ વદ-૫** શ્રીમદ્ ભાગવત પારાયણ હ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) ● અ.નિ.પ.ભ. વિશ્રામભાઈ પરબતભાઈ ભુડીયા હ. પ.ભ. કાનજીભાઈ વિશ્રામભાઈ ભુડીયા, ફોટડી-ભુજ. **પોષ વદ-૬** શ્રીમદ્ ભાગવત પારાયણ યજમાનશ્રી. **પોષ વદ-૭** શ્રીમદ્ ભાગવત પારાયણ ● અ.નિ.પ.ભ. ગોમતીબેન થોભણભાઈ પટેલ હ. શ્રીસુખદેવભાઈ તથા પ્રાણભાઈ. **પોષ વદ-૮** શ્રીમદ્ ભાગવત પારાયણ. **પોષ વદ-૯** શ્રીમદ્ ભાગવત પારાયણ ● પ.ભ. સતીષભાઈ ડાહ્યાભાઈ, દેલવાડાવાળા. **પોષ વદ-૧૦** શ્રીમદ્ ભાગવત પારાયણ ● પ.ભ. રાધાબેન લક્ષ્મીકાંતભાઈ પટેલ. **પોષ વદ-૧૨** પ.ભ. પુષ્પાબેન સેવન્તીલાલ પટેલ, અમદાવાદ. **પોષ વદ-૧૪** પ.ભ. નારાયણભાઈ અરજણભાઈ મેપાણી.


અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

બીલીયા (તા. સિધ્ધપુર) : અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત સ.ગુ. મહંત સ્વામીઘનશ્યામજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણપ્રિયદાસજી તા. ૧૦-૧-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી સિધ્ધપુર પ્રદેશ-મારવાડ પ્રદેશ અને ઉત્તર ગુજરાતના ગામોને મોટી ખોટ પડી છે. શ્રીહરિતેમને પોતાની નિજ સેવામાં રાખે તેવી પ્રાર્થનાછે.


હિંમતનગર : પ.ભ. રામાભાઈ કોદરભાઈ (બેરણાવાળા) તા. ૭-૧-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મેઘાણીનગર : પ.ભ. સોમાલાલ ભાઈચંદદાસ મોદી તા. ૨૫-૧૨-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : શ્રી નરનારાયણદેવના ઓચ્છવીયા સોની શ્રી હરિશભાઈ, શ્રી દેવેન્દ્રભાઈ અનેશ્રી પનુભાઈના માતુશ્રી ગં.સ્વ. કપીલાબેન ચિમનલાલ સોની (૯૦ વર્ષ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



વિરમગામ મંદિરમાં શાકોત્સવ કરતા
પ.પૂ. મોટા મહારાજશ્રી



ગાંધીનગર (સેક્ટર-૨૩) મંદિરમાં બિરાજમાન
પ.પૂ. મહારાજશ્રીના દર્શન કરતા શા.સ્વા. હરિકેશવદાસજી



ધનુર્માસમાં નારણપુરા મંદિરથી કાલુપુર મંદિર
પદયાત્રામાં સંત-હરિભક્તો



ધમાસણામાં શાકોત્સવ કરતા પ.પૂ. મહારાજશ્રી



નારાયણઘાટ મંદિર શાકોત્સવ કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી



શિયાળ ગામે શાકોત્સવ




બોપલ મંદિરમાં શાકોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં
હરિભક્તોએ લાભ લીધો

Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08




ો લંડન કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના દશાબ્દી મહોત્સવ પ્રસંગે વિશાળ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મોટા
હારાજશ્રી. સાથે દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ.લાલજી મહારાજશ્રી



ો મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા
હરિના ત્રણે અપર સ્વરૂપો સાથે ભુજ મંદિરના મહંત સ્વામી



હેરો મંદિરમાં યુવક મંડળની સભામાં દર્શન આપતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





લંડન હેરોના રાજમાર્ગ પર શિસ્તબધ્ધ શોભાયાત્રામાં દર્શન આપતા શ્રી હરિના કક્કા, ૭માં અને ૮માં વંશજ

Praful Kharsani